Celebrating 50 Years of Spirituality

# ઘનશ્યામ

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
૧૦ મે, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૫




## મયૂરીનગરી મોરબી ખાતે ઊજવાયેલ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૭) વસ્ત્રાલ, ચરોતર, ચાંદખેડા તથા સુરત મુકામે અનુક્રમે જાહેર સભા તથા પધરામણી (૮) વાસણા ખાતે ૩૮મા પાટોત્સવમાં લાભ



ઘનશ્યામ
૧૦ મે, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૫


# GHANSHYAM

10 May, 2025 • Year : 50 • Edition : 05

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી
૦૬ ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્યોત્સવ
૧૩ મોરબી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ
૨૦ સુરેન્દ્રનગર દિવ્ય પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે,
ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org


કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.



# દિવ્યવાણી

**તા. ૨૬-૦૩-૨૦૨૫ની ગુરુવર્ય**
**પ.પૂ. સ્વામીશ્રીની સંકલ્પ સભામાંથી સંકલિત**

વર્તમાનકાળે સૌને દિવ્યભાવની દુનિયામાં ડુબાડવાનો શ્રીહરિનો સંકલ્પ સોળે કળાએ ખીલ્યો છે ત્યારે સ્વયં શ્રીહરિના આ અમૃત વચનોને પાણીના પ્રવાહની જેમ વહેવા ન દઈએ; બલ્કે તેનું નિરુત્થાનપણું કરવા કટિબદ્ધ બનીએ.

"મારી મૂરતિ રે, મારા લોક, ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, અહીં તો જોયાની છે જુક્ત."

જેમ મહારાજ દિવ્ય છે, મોટાપુરુષ દિવ્ય છે તેમ સંતો-ભક્તો અને પરિવારના સભ્યો પણ દિવ્ય છે. સૌને વિષે દિવ્યભાવ દૃઢ થયાનું માપદંડ શું ? એની પારાશીશી શું ? તો જેમનો મહિમા સમજાયો હોય, જેમને વિષે દિવ્યભાવ દૃઢ થયો હોય તેમને રાજી કરવાનો નિરંતર વિચાર વર્તે. કારણ કે મહિમા અને રાજીપાનો વિચાર બંને એક સિક્કાની બે બાજુ છે. બીજું, એમની મરજીમાં જ રહેવાય. દિવ્યભાવ હોય તો જ મરજીમાં રહેવાય અને રાજી કરવાનો આલોચ વર્તે. આના અનુસંધાનમાં એક અદ્‌ભુત કીર્તન છે...

"મહારાજ મોટાનું હાસ્ય છે ન્યારું,
રાજીપો એમનો છે જીવન અમારું;
હરીએ ફરીએ રમીએ ને જમીએ,
સંતો ભક્તોને સદા રાજી કરીએ;
અનાદિમુક્તોની સઘળી ક્રિયાય,
રાજીપામાં રહેવાય સદાય."

આ કીર્તનમાં અનાદિમુક્તનું લક્ષણ જણાવ્યું છે. એ જ અનાદિમુક્ત જેની દૃષ્ટિ રાજીપા સામે જ મંડાયેલી હોય. જગતના જીવ પોતે રાજી થવા મથે અને અનાદિમુક્ત મહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો અને નિકટના સભ્યોને રાજી કરવા મથ્યા કરે. દરેક ક્રિયામાં રાજીપાનો વિચાર જ સેન્ટર પૉઈન્ટ બની ગયો હોય. આગળ કીર્તનમાં શું કહે છે ?

"રાજી ન થાય શબ્દોને સુણી, અંતરે બીક રહે જ ઘણી;
રાજીપો જો એક ક્ષણ કપાય, તે પળ મુજથી કેમ ખમાય."

રાજીપો સત્સંગનો પ્રાણ છે. અનાદિમુક્ત તરીકે આપણું લક્ષણ આવું હોવું જોઈએ. ખબર પડે કે મારી ઉપર મહારાજ, મોટા કે સંતો-ભક્તો રાજી નથી તો અંતર વલોવાઈ જવું જોઈએ કે સત્સંગમાં આવી શું કમાણા ? શું વળ્યું ? What I have done ? આ વિચાર વર્તે તે જ દિવ્યભાવ. એકાંતમાં હોઈએ કે સમૂહજીવનમાં સતત રાજીપાની ભૂખ અને કુરાજીપાની બીક રહેવી જોઈએ.

ગુરુદેવ ઘણી વખત સંતોને કહેતા કે, "સંતો, આ સ્વામી (ગુરુજી) બહુ બીકણ છે. અમે (ગુરુદેવ) રાજી નહિ હોઈએ તો ! આ



**દેહદૃષ્ટિ રાજીપાના વિચારને ધોઈ નાખે છે.**

બીક તેના અંતરે સતત વર્ત્યા કરે છે !" ગુરુદેવનો રાજીપો એ જ મારા જીવનની મૂડી, મિલકત. એ રાજીપો લૂંટાઈ ગયો તો જાણે મારા જીવનની બધી મૂડી લૂંટાઈ ગઈ હોય એટલું દુઃખ લાગે !!

એક વખત રાત્રે બે વાગે ગુરુદેવના આસને જઈ ગુરુદેવના ખોળામાં માથું મૂકી સેવક બહુ રડ્યો ને પ્રાર્થના કરી કે, "બાપા, રાજીપાના માર્ગમાં વિઘ્ન કરનારી અમારી ગમે તેવી બુદ્ધિ-આવડત હોય તો તેને તોડી-ફોડી નાખજો." કારણ કે બુદ્ધિ જ પ્રાકૃતભાવ પરઠાવે છે. દિવ્યભાવ એ બુદ્ધિથી બહારનો વિષય છે.

એક વખત શ્રીજીમહારાજથી સભામાં સંસ્કૃતના એક શ્લોકનું ઉચ્ચારણ જરા બરાબર ન થયું એટલે સંસ્કૃતના અભ્યાસી એક સંતને મહારાજમાં પ્રાકૃતભાવ પરઠાયો કે સંસ્કૃત બોલતા ન આવડતું હોય તો ન બોલવું જોઈએ ને !

બુદ્ધિ સંશય જ કરાવે જ્યારે દિવ્યભાવ હોય તો બુદ્ધિના આવરણને ભેદીને આનંદના ઓઘ ઊતરે ! મહારાજ ને મોટા ગમે તે રીતે શબ્દો ઉચ્ચારે તોપણ એવો જ વિચાર વર્તે કે – 'આહાહા !! આ તો પ્રસાદીના શબ્દો છે !'

ગુરુદેવ ઈંગ્લિશ શબ્દોનું ક્યાંક પ્રૉપર ઉચ્ચારણ ન કરતા તોય સાંભળીને આનંદ આવતો કે, 'આ પ્રસાદીનો શબ્દ મારા સુધી હોય જ ક્યાંથી ?'

સદ્. મુનિસ્વામી રોટલીના બદલે 'રોઈટલી' બોલતા તે સાંભળી ગુરુદેવના હૈયે દિવ્યાનંદ છલકાતો.

ગમે તેટલી મોંઘી ઓડી કે રોલ્સરોય ગાડી હોય તોય તે રોડ ઉપર જ ચાલે. ગમે તેટલી મોંઘી સ્ટીમર હોય પણ તે પાણીમાં જ ચાલે. એમ આપણી ગમે તેટલી બુદ્ધિ હોય તે આ લોકમાં ચાલે. પરભાવી સ્વરૂપ આગળ બુદ્ધિ બુઠ્ઠી કરીને જ વર્તાય. મહારાજ, મોટા અને આખો સત્સંગ દિવ્ય છે; ત્યાં બુદ્ધિ ન દોડાવાય. આગળ પંક્તિમાં શું કહે છે ?

"માછલીને છે જળ એ જ જીવન, રાજીપો જ છે મારું કવન;
રાજીપાને હું નિશદિન તલસું, રાજીપા વિના મનાય નરસું."

કાચબો, દેડકું ને મગર જળચર પ્રાણી છે છતાંય જળમાં પણ જીવે અને જમીન પર પણ જીવે જ્યારે માછલીને તો જળ એ જ જીવન. એને દૂધના કે ઘીના તળાવમાં મૂકો તોય મૃત્યુ પામે !! એમ આપણા માટે રાજીપો એ જ જીવન બની જવું જોઈએ.

સૌથી મોટામાં મોટો રાજીપો શેમાં છે ? તો કારિયાણીના ૧૧મા વચનામૃતમાં સદ્. સચ્ચિદાનંદ સ્વામીનો પ્રશ્ન છે. તેનો ઈતિહાસ જાણીએ.

સચ્ચિદાનંદ સ્વામી મહારાજ વગર રહી શકતા નહીં. મહારાજનો વિયોગ થાય તો નવ દ્વારે રુધિર નીકળવા માંડતું. મહારાજે એમને બધે જોડે લઈને જવા પડતા. મહારાજ આનાથી રાજી નહોતા.

એક વખત મહારાજ સ્વામીને લઈ કારિયાણી પધારેલા. પણ સ્વામીને ત્યાં જ મૂકીને એકલા ગઢપુર પાછા પધારી ગયા. સ્વામી ખૂબ દુઃખી થયા. તેઓએ વિચાર્યું કે, 'હવે ગમે તેમ કરી મહારાજને વચને કરી બાંધી દેવા.' બે મહિના બાદ મહારાજ ફરી કારિયાણી પધાર્યા. ત્યારે સ્વામીએ મહારાજને બાંધવા માટે સભા વચ્ચે પ્રીતિ સંબંધિત પ્રશ્ન પૂછી બાંધી લેવા વિચાર્યું.

સ્વામીએ સભા વચ્ચે આંગળી ઊંચી કરી પ્રશ્ન પૂછ્યો કે, "આપને વિષે પ્રીતિ હોય તેનું લક્ષણ શું ?" સ્વામીને એમ કે મહારાજ કહેશે, 'અમારા વગર રહી ન શકે તે પ્રીતિનું લક્ષણ છે.' પરંતુ મહારાજે જવાબ કંઈક જુદો જ આપ્યો અને સ્વામીને બાંધી દીધા : "પોતાના પ્રીતમ જે ભગવાન તેમની મરજીને લોપી શકે જ નહિ તે પ્રીતિનું લક્ષણ છે."

મહારાજ આ પ્રસંગ દ્વારા આશ્રિતમાત્રને બહુ મોટી શીખ આપે છે કે, પોતાનો સૌથી વધુ રાજીપો મરજીમાં વર્તવાથી છે !!

એક વખત મહારાજે સદ્. શુકાનંદ સ્વામીને બોલાવી અઠવાડિયું-દસ દિવસ સુધી પોતે બોલી લખાવ્યું. બે દિવસ બાદ મહારાજે સ્વામીને બોલાવ્યા અને કહ્યું, "સ્વામી, પેલાં લખેલાં પાનાં લાવો." સ્વામીએ પાનાં મહારાજના હસ્તમાં આપતાં મહારાજ ઊભા થયા. નેવાનાં પાણી ભરેલા પીપડામાં પાનાં નાખી દીધાં. જોડે ઊભેલા સંતોને સંશય થયો કે, 'મહારાજે બિચારા સ્વામીની મહેનત પાણીમાં શા માટે નાખી દીધી !' પરંતુ શુકસ્વામીના મુખની રેખામાં જરાય ફેરફાર ન થયો.

મહારાજે પૂછ્યું, "સ્વામી, તમને કાંઈ સંકલ્પ ન થયો કે મારી મહેનત પાણીમાં નાખી દીધી !" ત્યારે સ્વામીએ કહ્યું, "મહારાજ, મારે તો આપને રાજી જ કરવા છે ને !! આપ લખાવીને રાજી થાવ તોય ભલે ને પાણીમાં નાખીને રાજી થાવ તોય ભલે. ફાડી નાખીને રાજી થાવ તોય ભલે." સ્વામીનો નિર્વિકલ્પ ઉત્તર સાંભળી મહારાજ અંતરથી ખૂબ રાજી થઈ ગયા. સ્વામી સમયે મહારાજની મરજીમાં વર્તી રાજીપો કમાઈ શક્યા. તેમ આપણે પણ મહારાજ અને મોટાની મરજીમાં રહી રાજીપો કમાતા થઈએ.

વર્તમાનકાળે મહારાજ અને મોટાની મરજી પરિવારના સર્વે સભ્યોમાં અરસપરસ દિવ્યભાવ કેળવવાની છે ત્યારે આવો, દૃઢ સંકલ્પ કરીએ :

૧. સૌને રાજી કરવાનો આગ્રહ સેવીએ.
૨. પરિવારના સભ્યોને તું-તારી, લે-લાય ન કરતાં માનથી બોલાવીએ.
૩. કોઈ આપણા વાણી-વ્યવહારે કરી દુખાઈ, દુભાઈ ન જાય તેનો ખૂબ ખટકો રાખીએ ને માફી માગીએ.

**સૌથી મોટો રાજીપો મરજીમાં રહેવાથી થાય છે.**



# ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્યોત્સવ

**ફાગણ વદ એકમ ને ધુળેટીનો શુભ દિન એટલે આપણા સૌના વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાગટ્ય દિવસ; મહારાજ અને મોટાપુરુષે આપણા પર વરસાવેલી અપાર કરુણામાંથી કિંચિત્ અંશે મુક્ત થવા માટેનો દિવસ. તા. ૧૪-૩-૨૦૨૫ના રોજ સાંજે ૪થી ૮ દરમ્યાન સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આવો, આ દિવ્ય પ્રાગટ્યોત્સવની દિવ્ય સ્મૃતિઓને વાગોળી ધન્યતા અનુભવીએ.**





## અનાદિમુક્ત પીઠિકા દર્શન

આ પ્રાગટ્યોત્સવ નિમિત્તે પ્રાતઃ કાળમાં જ સૌપ્રથમ વ્હાલા ગુરુજી સંત વૃંદ સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા માટે અનાદિમુક્ત પીઠિકા ખાતે પધાર્યા હતા. વ્હાલા ગુરુજીએ સંત મંડળ સાથે ગુરુદેવના ભાલમાં ચંદન ચર્ચી, હાર પહેરાવી પૂજન-અર્ચન કર્યું હતું. સાથે જ ગુરુદેવને પ્રાર્થના કરી દંડવત-પ્રદક્ષિણાનો લાભ લઈ ગુરુવંદના અર્પી હતી.

### ફૂલદોલોત્સવ

આજના દિને સર્વે સત્સંગ સમાજને મૂર્તિ રંગથી રંગવા માટે મધ્યાહ્ન સમયે ફૂલદોલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્હાલા ગુરુજીએ સૌપ્રથમ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને રંગથી ભરેલી પિચકારી વડે રંગ્યા હતા. ત્યારબાદ સર્વે પૂ. સંતો, પાર્ષદમુક્તો તથા સાધકમુક્તોને તેમજ સમસ્ત સત્સંગ સમાજને ફૂલદોલોત્સવનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ ગુરુજીએ મહારાજને પ્રાર્થના કરી આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, "હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ ! આપે સારંગપુરમાં જે ફગવા આપ્યા હતા તે ફગવા અમને આપો. આપ જે સંકલ્પો લઈને આ બ્રહ્માંડમાં પધાર્યા છો તે સંકલ્પોમાં અમને જલદી ભેગા ભળવાનું બળ પૂરું પાડો."



### પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આગમન

આ પ્રસંગે ઉપસ્થિત સમસ્ત હરિભક્ત સમાજને દિવ્ય દર્શન આપવા માટે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુદેવ પ.પૂ. બાપજી મૂર્તિ સ્વરૂપે સ્પૉટ પર બિરાજમાન થયા હતા. વ્હાલા ગુરુજી સંત વૃંદ સાથે ચાલતાં ચાલતાં સૌ મુક્તોને દિવ્ય દર્શન આપતાં થકા સ્ટેજ તરફ પધાર્યા હતા. સ્પૉટની બંને બાજુ તેમજ સ્ટેજ પરથી કિશોરો 'શુભ સ્વાગતમ્' કીર્તન દ્વારા નૃત્ય કરી મહારાજ, ગુરુદેવ તથા ગુરુજીનાં વધામણાં કરી રહ્યા હતા. સભામંડપમાં ઉપસ્થિત સૌ હરિભક્તો પોતાના હસ્તમાં વિજયપતાકાઓ લહેરાવી આ દિવ્ય











આગમનને વધાવી રહ્યા હતા. સ્ટેજ ઉપર પધાર્યા બાદ મહારાજને દંડવત કરી વ્હાલા ગુરુજીએ નીચા નમી દાસભાવે સર્વે મુક્તોને જય સ્વામિનારાયણ પાઠવ્યા ત્યારે સભામંડપ તાળીઓના નાદ તથા જયઘોષ સાથે ગુંજી ઊઠ્યો હતો.

### ગુરુપૂજન

પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે મુખ્ય સભામંચ પર બિરાજમાન થયા બાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સમસ્ત સત્સંગ સમાજ વતી દિવ્યભાવે હરિકૃષ્ણ મહારાજ તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીને ચંદન અર્ચન કરી ફૂલહાર વડે પૂજન કર્યા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણસ્પર્શ કરી દર્શન કર્યાં હતાં. ત્યારબાદ સંસ્થાના વરિષ્ઠ પૂ. સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું વિશિષ્ટ હારથી પૂજન કર્યું હતું. આ ઉપરાંત, આજના દિને સંસ્થાના વિવિધ ઝોનમાંથી પધારેલા પૂ. સંતો, મોટેરા હરિભક્તો તથા સંસ્થાના સમર્પિત સેવકો દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીનું વિશિષ્ટ હાર અર્પણ કરીને પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન વિધિ બાદ વ્હાલા ગુરુજીએ સર્વે મુક્તોને નિકટ બોલાવી મસ્તકે હસ્ત મૂકી રાજીપાદર્શનનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

### સાંનિધ્ય સુવાસ

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવની ઉજવણી ‘સાંનિધ્ય સુવાસ’ થીમ આધારિત કરવામાં આવી હતી. જેમ જલેબી, બુંદી કે સાટા ગમે તેટલાં સારાં બનાવ્યાં હોય પણ જો એને ચાસણીમાં બોળવામાં ન આવે તો એ ફિક્કાં લાગે છે. ચાસણીમાં બોળ્યા બાદ જ તે જમવાલાયક બને છે. તેમ આપણે જે કાંઈ સાધન કરીએ, રાજી કરવા માટે સાંસાગોટિલા કરીએ પરંતુ જો તેમાં મહિમા ન હોય તો એ ફિક્કાં રહે છે. મહિમા ચાસણીના ઠેકાણે છે. મહિમાસભર થઈ કરેલાં સાધનો જ ઠેઠ સુધી પહોંચે છે. મહારાજે અને મોટાએ કરેલી લીલાઓને, એમના સાંનિધ્યને સંભારીએ, વાગોળીએ કે સ્મૃતિ રૂપે યાદ કરીએ તો માયાના ઘાટ પણ ટળી જાય. આજના દિને ગુરુદેવે સમગ્ર સમાજને અનેક રૂપે સાંનિધ્ય આપી સુખિયો કર્યો છે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા રજૂ થયેલ આ સાંનિધ્યની સુવાસને માણી સર્વે ભક્તો ગુરુદેવના મહાત્મ્યાકારે થયા હતા.

#### ૧. ઘરે પધરામણી સાંનિધ્ય સુવાસ

ગુરુદેવ પ.પૂ. બાપજીને મન ગરીબ-તવંગરનો કોઈ ભેદ નહોતો. તેઓએ દેશ-વિદેશના મોટા મોટા બંગલાઓવાળા હરિભક્તોના ઘરે તો પધરામણી કરી છે. પરંતુ પંચમહાલના

આદિવાસી વિસ્તારમાં ગરીબના ઝૂંપડામાં પણ અનેક વખત પધાર્યા છે. કોઈ હરિભક્ત અમેરિકા ચાર્ટર્ડ પ્લેનમાં લઈ જવા જણાવે તો ગુરુદેવ અરુચિ જણાવતા. પણ પંચમહાલના ગરીબ હરિભક્તના ખોરડામાં સામેથી પધરામણી કરવાનો આગ્રહ જણાવતા. ૮૦-૮૨ વર્ષની જૈફ વયે પણ ગુરુદેવ પ.પૂ. બાપજી બે-ત્રણ ડુંગરા ચડી અંધારભર્યા ખોરડામાં પધારતા. પણ એક ખૂણામાં રાખેલા દીવાના પ્રકાશથી ઘરમંદિરમાં એક મહારાજની નિષ્ઠા જોઈ ખૂબ રાજીપો જણાવતા ને કહેતા, ‘‘અલ્યા તારું ઘર તો ચોખ્ખું છે. તું તો સહજાનંદી સિંહ છે.’’ આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવન પર્યંત અથાગ વિચરણ કરી આવા અનેક ઘરોને ચોખ્ખા કરી, પધરામણી કરી સાંનિધ્યની સુવાસ મહેકાવી છે.



### ૨. અંગત સાંનિધ્ય સુવાસ

ગુરુદેવ પ.પૂ. બાપજી નાનામાં નાના હરિભક્તની પણ સંભાળ રાખતા. એસ.એમ.વી.એસ.ના દરેક હરિભક્ત સાથે અંગત બેઠક કરી આ દિવ્યપુરુષે દરેકના જીવનમાં રસ લીધો હતો. એકાંતમાં દિવ્ય સાંનિધ્ય આપી અનંતનું સેવન કર્યું હતું. ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવી હોય પણ આ પુરુષ સામેથી પારખી જઈ પૂછતા, ‘‘કેમ અલ્યા તું દુઃખી છે ? તારે કંઈ કહેવું છે ? તને કંઈ તકલીફ નથી ને ?’’ આવું અનેકને પૂછીને હૂંફભર્યા વચનોથી અંતરને હળવાં કર્યાં હતાં. ઊગર્યાનો આરો ન હોય, પોતાના પારકા બની ગયા હોય એવા સમયે ગુરુદેવ પ.પૂ. બાપજી અનેકને રાજીપાનો ધબ્બો મારી આવેલા દુઃખને લાખો ગાઉ દૂર મોકલી દેતા. એ અંગત પળોમાં આપેલા હિંમત વચનોની યાદે ઉપસ્થિત સૌ કોઈની આંખોના ખૂણા ભીંજવી દીધા હતા. લોઢા જેવા માણસો કે જેની કોઈ કિંમત નહોતી તેમને પારસમણિ સમ ગુરુદેવનો સ્પર્શ થતાં સુવર્ણ સમા મુક્તો બનાવી દીધા. વિષય-વ્યસનથી ખદબદતા અનેક યુવકોને પોતાના ખોળામાં માથું મુકાવી, ધબ્બો મારી રાજીપાના માર્ગે ચલાવ્યા. દિવ્યજીવનથી મહેકતા કરી અનેક પુષ્પોને ગુરુદેવે મહાપ્રભુના ચરણે ધર્યાં છે.





### ૩. વિચરણ સાંનિધ્ય સુવાસ

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગમે તેવી પરિસ્થિતિમાં પણ અથાગ વિચરણ કર્યું છે. એક સમય એવો પણ આવ્યો કે જેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીને સળંગ આઠ માસ સુધી ચરી પાળવામાં માત્ર ગાયનું દૂધ લેવાનું હતું. ડૉક્ટરોએ લાંબા વિચરણની ના પાડી હોવા છતાં ઝાલોદ સમૈયામાં પધાર્યા હતા. ગુરુજીએ પ્રાર્થના કરી તોપણ ન સ્વીકારી. હરિભક્તોના મનોરથ પૂરા કરવામાં ગુરુદેવ



**એક એક હરિભક્ત કાજે સમય વિતાવી આપી સાંનિધ્ય સુવાસ.**

પ.પૂ. બાપજીએ ક્યારેય પોતા સામું નથી જોયું. સંતો વિચરણમાં ગુરુદેવ પ.પૂ. બાપજી માટે ગાયનું દૂધ જે થેલામાં હતું તે થેલો લાવવાનું જ ભૂલી ગયા હતા. આ સ્થિતિમાં પણ એ દિવસે ગુરુદેવે પધરામણી કરી દારૂની ભઠ્ઠી બંધ કરાવી, માછલાં નહિ મારવાના નિયમ આપ્યા. ગુરુદેવને ભૂખનું દુઃખ નહિ પરંતુ અનેકના જીવમાં મહારાજ પધરાવ્યાનો આનંદ હતો. સવારના પાંચ વાગ્યાથી કશું ન જમ્યા હતા કે ન લિક્વિડ લીધું હતું. પણ પોતાને પડી રહેલી તકલીફ અંગે એક હરફ પણ ન ઉચ્ચાર્યો. એ જ દિવસે ગાડિયા ગામે રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી કથા કરી. બીજા દિવસે એકાદશી હોવાથી દિવસની નિદ્રાનો પણ ત્યાગ કર્યો. ડૉક્ટરનું તો કોઈ દિવસ માન્યા જ નહોતા. હસતે મુખે દુઃખો સહી હૈડે હૈડે સ્વામિનારાયણ પધરાવવાનો આગ્રહ ગુરુદેવના જીવનમાં સહેજે જણાઈ આવતો.

### ૪. સહજ સાંનિધ્ય સુવાસ

અવરભાવમાં કોઈ મોટા મિનિસ્ટરને મળવું હોય તોય ઍપોઇન્ટમૅન્ટ લેવી પડે. એના પી.એ.ને રાજી કરીએ, કગરીએ, ખોળાપાઘડી કરીએ ત્યારે મેળ પડે પરંતુ ગુરુદેવનું સાંનિધ્ય એટલું સહજ કે તેમને નાનાં બાળકો પણ મળી શકતાં. પંચમહાલનો નાનામાં નાનો હરિભક્ત પણ ગુરુદેવ સાથે પેટ ખોલી વાત કરી શકતો. ગુરુદેવ બાપજી જૂના મંદિરે બિરાજતા ત્યારે તેમની સાધુતા અને સહજ સાદગી જોઈ સૌ કોઈને ગુરુદેવ પ્રત્યે અનેરું ખેંચાણ થતું અને એ સાદગીને જોઈ આજે અનંત હરિભક્તો એસ.એમ.વી.એસ.ના શિરછત્ર નીચે બેઠા છે. જ્યારે કોઈ ન હતું ત્યારે ફાટેલાં-થીંગડાંવાળાં ગાતડિયાં-ધોતિયામાંથી જે સાધુતા નીતરતી એવી જ સાધુતા લાખોના ગુરુસ્થાને હોવા છતાં તેઓએ જાળવી રાખી હતી. ગુરુદેવના જીવન અમૃતની છાંટમાત્રથી સૌનાં જીવન દિવ્ય બની જતાં તો એ ગુરુદેવ કેવા હશે !

### ૫. ગુરુજીરૂપી સાંનિધ્ય સુવાસ

જેમ તમામ નંદસંતોનાં દર્શન ગુરુદેવ પ.પૂ. બાપજીમાં થાય એવા ને એવા જ આબેહૂબ દર્શન વ્હાલા ગુરુજીમાં થાય. શ્રીજીમહારાજ પાસે કોઈ ગોપાળાનંદ સ્વામીની સ્મૃતિ કરાવે તો મહારાજનું મુખારવિંદ ભરાઈ જતું. એ જ રીતે સમર્થ સદ્. મુનિબાપાની વાત આવે એટલે ગુરુદેવનું મુખ પણ ભરાઈ જતું. વળી, ગુરુદેવ સમક્ષ ગુરુજીની વાત નીકળે એટલે પણ ગુરુદેવનું મુખ ભરાઈ જતું અને કહેતા, “સ્વામીને તો અમે રીઝર્વ કરીને રાખ્યો હતો. એમને તો અમે મહારાજ પાસે માગીને લીધા છે.” એમ ચાર મુખે મહિમા ગાતા. સંસ્થાના એક વરિષ્ઠ હરિભક્તે ગુરુજીને કહ્યું, “સ્વામી, આપને ગુરુદેવ સાથે નહિ ફાવે. ગુરુદેવનું ખાતું બહુ કડક છે. આપ ટકી નહિ શકો. આજ સુધી ઘણા આવ્યા ને જતા રહ્યા છે.” ત્યારે મહિમાસભર હૈયે ગુરુજીએ કહ્યું, “બીજાએ ભલે જે કર્યું તે... અમે તો ગુરુદેવ બાપજીને ઓળખીને આવ્યા છીએ. અમે તો ટકીશું પણ એમની સાથે અનંતને ટકાવવા માટે આવ્યા છીએ.” મોટા જ મોટાને ઓળખી શકે. ગુરુદેવે ગુરુજીનો મહિમા કરાવ્યો ને ગુરુજીએ સૌને ગુરુદેવના મહાત્મ્યસભર કરી દીધા કેમ કે સિંહના તો સિંહ જ હોય ને !!! ગુરુદેવ કાયમ કહેતા, “આ અમારી ભાગીદારી પેઢી છે. જ્યારથી સ્વામી આવ્યા છે ત્યારથી મેં બધું એમને સોંપી દીધું છે. આપણા સમાજમાં સૌને સ્વામીનો પણ એટલો જ મહિમા થઈ ગયો છે.” વ્હાલા ગુરુદેવે ગુરુજી માટે ખૂબ સંતોષ જણાવી ગુરુજીની ભેટ આપી એમના જેવી જ પ્રતિકૃતિ સમી સાંનિધ્યની સુવાસ પ્રસરાવી છે. તો, મળેલા મહારાજ અને મોટાપુરુષે આપેલા સાંનિધ્યની સ્મૃતિઓને વાગોળી એમણે કરેલા અનંત ઋણમાંથી મુક્ત થવાનો કિંચિત્ પ્રયાસ કરીએ એ જ સાચી પુષ્પાંજલિ અર્પણ કરી ગણાશે.

### વ્હાલા ગુરુજીની દિવ્યવાણી

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ દિવ્યવાણીના પ્રારંભે સૌને નિમગ્ન કરી લાભ આપતાં જણાવ્યું હતું કે, “આ દિવ્યપુરુષે અહીં બેઠેલા અનેકનું દૃષ્ટિથી સેવન કરેલું છે. અનેકને માથે હસ્ત મૂક્યા છે, ધબ્બા આપ્યા છે. એ સ્મૃતિઓને વાગોળવાનો આ અવસર છે. એમણે આપેલી એ અનેક સ્મૃતિઓ ક્યારેય વિસારી શકાય એ શક્ય નથી. આપણે મહારાજ અને મોટાને શું ઓળખી શકવાના ? આપણી શું તાકાત કે આ સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ બાપાશ્રી અને મહારાજના સંકલ્પોને સાકાર કરવા માટે આ બ્રહ્માંડમાં વિચરતું સ્વરૂપ એટલે કે મોટાપુરુષને પણ ઓળખી શકીએ ! એ તો એમણે જ આપણને સામેથી ખેંચી લીધા ને આ યોગમાં બેસાડી દીધા. આ સ્મૃતિઓને સદાય વાગોળ્યા કરજો. અંતર ભર્યું ભર્યું રહેશે.”

વધુમાં ગુરુજીએ પોતાના ગુરુદેવ સાથે બનેલા પ્રસંગોનું ગાન કરી સમસ્ત સમાજને ગુરુદેવના મહિમાથી સભર કર્યો હતો. અંતમાં



ગુરુજીએ આશીર્વાદાત્મક પ્રાર્થના કરતાં કહ્યું હતું કે, "હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ ! આ સર્વે મુક્તો પર આપ દષ્ટિ રેલાવજો. તનનાં, મનનાં, ધનનાં સર્વે દુ:ખો થકી રહિત કરજો ને ટાણું આવ્યે સંભાળી લેજો, સંભાળી લેજો, સંભાળી લેજો."

### ગુરુદેવ સાંનિધ્ય સ્મૃતિ પ્રૉજેક્ટ

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

"જોઈ રીતને રાજી જે થાશે રે, વળી ગુણ તે સંતના ગાશે રે;
કે'શે સંત તો એ બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે;
એટલો જ ગુણ કોઈ ગ્રે'શે રે, તે તો બ્રહ્મમો'લે વાસ લેશે રે."

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ આપણને અનેક સ્મૃતિઓ આપી છે. આવનારા સમયમાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવન કવન ઉપર એક ગ્રંથ તૈયાર થાય તેવા એક શુભ ઉદ્દેશથી આજના દિને ગુરુદેવ સાંનિધ્ય સ્મૃતિ પ્રૉજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. મોટાપુરુષના મહાત્મ્યનો પાર પામી શકાય તેમ નથી. તેને ગ્રંથમાં વર્ણવી ન શકાય. પરંતુ આ ગ્રંથ નિમિત્તે જે કોઈ તેમના ગુણોનું ગાન કરશે તેનો પણ છેલ્લો જન્મ થઈ જાય એવા એક શુભ ઈશકથી આ પ્રૉજેક્ટની જાહેરાત કરવામાં આવી. જે અંતર્ગત ગુરુદેવ પ.પૂ. બાપજીએ અંગત બેઠકનો લાભ આપ્યો હોય, ઘરે પધરામણી કરી હોય તેવી વ્યક્તિગત સ્મૃતિઓ તેમજ પરિવારમાં પધાર્યા હોય ત્યારે રાત્રિ ઉતારો કર્યો હોય કે ઠાકોરજી જમાડ્યા હોય તેવી પારિવારિક સ્મૃતિઓ અને કાર્યકરો દ્વારા સંપર્ક અભિયાન કરી પ્રસંગોનું કલેક્શન કરવામાં આવશે. એમ ત્રણ ભાગમાં સ્મૃતિઓ જમા કરાવવા સમગ્ર સત્સંગ સમાજ સમક્ષ આહ્વાન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ કોઈએ આ પ્રૉજેક્ટને તાળીઓના નાદ સાથે વધાવી લીધો હતો. આજના દિને 'શિક્ષાપત્રી સાર'ની નૂતન આવૃત્તિ તેમજ 'વાણી' પુસ્તિકાની હિન્દી આવૃત્તિનું વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

### વ્હાલા ગુરુદેવના દિવ્ય આશીર્વાદ

વ્હાલા ગુરુદેવે આશીર્વર્ષાની હેલી વરસાવતાં જણાવ્યું હતું કે, "જેમ આકાશમાં વિમાન ઊંચે જતું જાય તેમ સ્વામીની (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની) વાતો દિવસે ને દિવસે ઊંચી ચડતી જાય છે ને બીજાની વાતો તળિયે જતી જાય છે. હું મહારાજને પ્રાર્થના કરું છું અને સ્વામીને પણ કહું છું. તમે જેવું બોલો છો એવી પ્રાર્થના પણ કરો. કેમ કે, આ સ્વામીની પ્રાર્થના મહારાજ






૧૧૦% સાંભળે છે. માટે મહારાજને પ્રાર્થના કરીએ : હે મહારાજ, હે બાપા, હે સદ્‌ગુરુ, આપ કેવળ આપવા માટે જ પધાર્યા છો. અઢળક ઢળવા માટે જ પધાર્યા છો. માટે સર્વે સત્સંગ સમાજ ઉપર ખૂબ દયા કરો, દયા કરો એવી પ્રાર્થના.”

### સમૂહઆરતી

આજના દિને પ્રોગ્રામના અંતિમ સેશનમાં સમૂહઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહાનુભાવોએ સ્ટેજ પરથી તેમજ સમગ્ર સત્સંગ સમાજે એક સાથે સમૂહઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### બ્લડ ડોનેશન કેમ્પ

ગુરુદેવના પ્રાગટ્યોત્સવ પર્વે જન સમાજની સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા કરવાના ઉમદા હેતુથી સંસ્થા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૮૦૦થી વધારે પૂ. સંતો, સાધકો તથા સત્સંગી હરિભક્તોએ બ્લડ ડોનેટ કર્યું હતું. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, “આ પ્રાગટ્યોત્સવ પર્વે જે બ્લડ એકત્ર કરવામાં આવ્યું છે તે જેને જેને આપવામાં આવશે તે સર્વે આ જન્મે કારણ સત્સંગી થઈ મૂર્તિસુખના ભોક્તા બને એવી પ્રાર્થના.”

### સેવા-સમર્પણગાથા

આમ, આ એક-દિવસીય પ્રાગટ્યોત્સવ સેવા-સમર્પણનો હતો. જેમાં આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સૌ કોઈ ભેગા મળીને કુલ ૧૦૦૦થી પણ વધુ સ્વયંસેવકો આ સેવાયજ્ઞમાં સેવા અને સમર્પણના ભાવથી જોડાયાં હતાં. આ પ્રાગટ્યોત્સવ પર્વે પ્રત્યક્ષ ૨૫૦૦૦થી વધુ તથા ઑનલાઇન ૩૬૬૦૦થી વધુ ભક્તો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.





# મોરબી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

**"હે મહારાજ, હે બાપા, આ મોરબી નગરમાં કારણ સત્સંગનું ભવ્ય મંદિર થાય એવી કૃપા કરજો..." "હે મહારાજ, મોરબી ભલે આજે તાલુકો છે પણ એને મોટો જિલ્લો બનાવજો..." "હે મહારાજ ! આ મોરબી અને આ મોરબીના ગામડાંઓમાં રહેનારા બધા જ કારણ સત્સંગી થાય અને આ ને આ જન્મે છેલ્લો જન્મ કરી મૂર્તિસુખના અધિકારી થાય." "જેમ મહારાજે ગઢપુર મંદિરના બાંધકામ સમયે આશીર્વાદ આપ્યા હતા કે આ મંદિરના પાયામાં કોઈ એક શેરનો (૫૦૦ ગ્રામનો) પથ્થર નાખશે તેની એક પેઢીનું કલ્યાણ થશે. એમ એ જ મહારાજ આજે પ્રગટ છે. મહારાજને પ્રાર્થના કરું છું કે, હે મહારાજ ! આ મોરબી મંદિરમાં જે કોઈ એક શિલાની સેવા અર્પણ કરે તેની પણ એક પેઢીનું કલ્યાણ કરજો."**

મહારાજ અને મોટાપુરુષના આવા આશીર્વાદરૂપી પડછંદા જીવોનાં આત્યંતિક કલ્યાણ હેતુ જ હોય છે. ગુરુદેવે તથા ગુરુજીએ સમયે સમયે ઉચ્ચારેલા આ પડછંદા મોરબી સત્સંગના નિર્માણની ઈતિહાસ ગાથાના સાક્ષી છે. ગુરુદેવ, ગુરુજી અને પૂ. સંતોના અહોનિશ દાખડાના પરિણામે મોરબી સત્સંગ મંડળ આજે વટવૃક્ષ બની અનેકાનેક મુમુક્ષુઓને આધ્યાત્મિક છાયા અને મૂર્તિસુખનું ફળ પ્રદાન કરે છે. આવો ત્યારે, મોરબી સત્સંગ નિર્માણની અને એની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની ક્ષણોને શબ્દાંજલિથી માણીએ.





### સંકલ્પ વાવેતરની સ્મરણિકા

ઈ. સ. ૧૯૪૮માં ગુરુદેવ પૂર્વાશ્રમમાં જ્યારે ૧૫ વર્ષના હતા ત્યારે કાયમ કચ્છમાં ભૂજ તથા બળદિયા સત્સંગ માટે પધારતા. મોરબી રેલવે સ્ટેશનથી ગુરુદેવ ઘણી વખત ચાલતાં ચાલતાં વવાણિયા બંદર પધારતા. ત્યાંથી તેઓ એક સ્ટીમરમાં બેસી ને કચ્છમાં ભૂજ તથા બળદિયા પધારતા. એ વખતે ગુરુદેવે સંકલ્પવાવણી કરેલી કે, "હે મહારાજ ! હે બાપા ! આ મોરબી નગરમાં કારણ સત્સંગનું ભવ્ય મંદિર થાય એવી કૃપા કરજો..." અને ગુરુદેવ બાપજીએ કરેલો આ સંકલ્પ ઈ.સ. ૨૦૧૦માં સાકાર થયો. આ સંકલ્પ વાવેતરની અનોખી સ્મૃતિ ગુરુદેવે ૨૬ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ મોરબીના પીપળિયા ખાતે શાકોત્સવ રાખવામાં આવેલો તેમાં ગુરુદેવ પધારેલા અને એની સ્વાગતયાત્રામાં પૂ. નિર્માનસ્વામીને કહેલી. આમ, ગુરુદેવ બાપજીના સંકલ્પે મોરબીમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા.

### ગુરુદેવનું પ્રથમ સત્સંગ વિચરણ

ગુરુદેવ પ.પૂ. બાપજીએ મજુકોઠામાં કહેતાં મોરબી જિલ્લામાં ઈ.સ. ૧૯૬૦થી લઈ ઈ.સ. ૧૯૭૦ દરમ્યાન વિચરણ કર્યું હતું. આ સમયે ગુરુદેવ મોટા મંદિરમાં હરિભક્તોને સુખિયા કરતા હતા. ગુરુદેવ અહીંયાંથી વસંતપંચમીના સમૈયામાં મૂળી લાભ લેવા પધારતા. મૂળીના મહાસમર્થ સદ્. શ્રી ગોપીવલ્લભસ્વામીની સાથે રહી ગુરુદેવ મજુકોઠાના ગામડાઓમાં ખૂબ વિચરણ કરતા. તેઓએ માલણિયાદ, રણમલપુર, લૂણસર, જૂના દેવળિયા, જૂના ધનાળા, જૂના ઘાંટીલા, વેજલપર, જેતપર, રાપર, હળવદ આદિક ગામડાંઓમાં ખૂબ જ વિચરણ કર્યું હતું અને આખી રાતોની રાત ગુરુદેવ એક-બે મુમુક્ષુઓને બેસાડીને અંગત સત્સંગ કરાવતા હતા.

આમ, ગુરુદેવે આ મજુકોઠામાં કારણ સત્સંગના સ્થાપન માટે ખૂબ દાખડો કર્યો હતો. ૧૫ વર્ષની વયે ગુરુદેવે કરેલા સંકલ્પના બીજની માવજત તેઓ કરતા હતા જેના પરિણામે મજુકોઠાનો સત્સંગ ફૂલ્યોફાલ્યો.

### મોટાપુરુષના બારે મેઘ ખાંગા

ઈ.સ. ૧૯૯૪માં ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ બળદિયાનો સત્સંગ પ્રવાસ રાખેલો. આ વખતે મજુકોઠાના ઘણા ગામોમાં વ્હાલા ગુરુજીએ સત્સંગનો લાભ આપેલો. એમાં એક વખત જૂના દેવળિયા ખાતે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ૪૬થી વધુ હરિભક્તોને આખી રાત સત્સંગનો લાભ આપી બારે મેઘ ખાંગા કર્યા હતા. આમ, ગુરુદેવ અને ગુરુજીએ મજુકોઠાના હરિભક્તોને સમયે સમયે સત્સંગનું પોષણ આપી બળિયા કર્યા હતા.

### સત્સંગ સંવર્ધનની અહાલેક

ઈ.સ. ૧૯૯૪થી લઈ ઈ.સ. ૧૯૯૭ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ મોરબી જિલ્લા અને એ ઉપરાંત ૩૨થી વધુ ગામોમાં ઘણી ઘણી વખત સત્સંગ વિચરણ અર્થે પધારી હરિભક્તોને સુખિયા કર્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ મજુકોઠામાં ઈ.સ. ૧૯૯૮થી વર્ષમાં બે-ત્રણ વાર વિચરણ કર્યું. આમ, કારણ સત્સંગનું બી હવે છોડ સ્વરૂપે પલ્લવિત થયું.

### સત્સંગ મંડળનો પ્રારંભ

ઈ.સ. ૨૦૦૫થી ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પે અને ગુરુજીની પ્રેરણાથી સંયુક્ત મંડળની શરૂઆત થઈ. આ સંયુક્ત મંડળના પ્રારંભમાં કેટલાક હરિભક્તો પાયાની ઈંટ બન્યા. ગુરુદેવ અને ગુરુજીના રાજીપાના પાત્ર મૂ.નિ. પ.ભ. શ્રી પ્રભુભાઈ સબાપરા-મોરબી (જૂના ઘાંટીલા) અને મૂ.નિ. પ.ભ. શ્રી અરજણભાઈ સેરશિયા-મોરબી (લૂંટાવદર) આ બે હરિભક્તોએ ખૂબ જ ભોગ આપી ભેગા ભળ્યા. જોતજોતામાં મોરબી સંયુક્ત મંડળમાં સંખ્યા વૃદ્ધિ થવા લાગી. વળી, હસમુખભાઈ લાડવા, રમેશભાઈ વીડજા, દિનેશભાઈ માલવણિયા, જગદીશભાઈ માલવણિયા, અરવિંદભાઈ વીડજા, દિગ્વિજયસિંહ ઝાલા, કેશવજીભાઈ (મોડપર), ઈશ્વરભાઈ સબાપરા, જયંતીભાઈ સબાપરા, અમરશીભાઈ જાકાસણિયા (જેતપર), હસમુખભાઈ સબાપરા વગેરે હરિભક્તો પણ મોરબી સત્સંગ વિકાસમાં પૂ. સંતોના સહભાગી બન્યા. જેમ જેમ સમય થતો ગયો એમ એમ

આ મંડળોમાં નવા નવા હરિભક્તો પણ આવવા લાગ્યા.

પાયામાં ભોગ આપનારા હરિભક્તો મૂ.નિ. પ.ભ. શ્રી પ્રભુભાઈ સબાપરા અને મૂ.નિ. પ.ભ. શ્રી અરજણભાઈ સેરશિયા આ બંને મુક્તોએ ઘણા હરિભક્તોને ગુરુદેવ અને ગુરુજીનો લાભ મોરબી ખાતે લેવડાવ્યો હતો. આ બંને મુક્તોએ સમયનો પણ ખૂબ ભોગ આપ્યો હતો ને તન, મન અને ધનથી ખૂબ સેવા કરી હતી. આ બંને પરિવારના સભ્યોએ પણ ખૂબ જ ભોગ આપ્યો હતો અને આજે આપી રહ્યા છે. પ્રભુબાપા ૮૦ પધરામણી એકલા કરાવતા અને ૨૦૦ જેટલી પત્રિકા ઘર ઘર ચાલીને આપવા જતા. આ ઉપરાંત અનેક હરિભક્તોએ પણ ખૂબ જ ભોગ આપ્યો હતો. ગુરુદેવ અને ગુરુજી જ્યારે પણ મોરબી ખાતે વિચરણ અર્થે પધારતા ત્યારે પ્રભુભાઈ સબાપરા તથા સજનપરના દિનેશભાઈ માલવણિયાના ઘરે રાત્રિરોકાણ કરતા. પ.ભ. શ્રી દિગુભા ઝાલાના ઘરે પણ પૂ. સંતોએ ઘણીબધી વખત રસોઈના પ્રોગ્રામ કર્યા છે. એમણે પણ ઘણીબધી સેવાનો લાભ લીધો છે.

### હરિમંદિરનો સંકલ્પ તથા શિલાન્યાસ

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજીની આજ્ઞાથી ઈ.સ. ૨૦૧૦માં પૂ. નિર્માનસ્વામીના મંડળે વિચરણનો પ્રારંભ કર્યો. દર બુધવારે અઠવાડિક સભાનો પ્રારંભ થયો. પ્રારંભમાં ૧૦-૧૫ હરિભક્તોની સંખ્યા થતી હતી. પછી ધીમે ધીમે તેમાં વૃદ્ધિ થઈ. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજીને અહીં હરિમંદિર બનાવવાનો સંકલ્પ જણાવ્યો. ગુરુદેવના સંકલ્પે જગ્યા લેવાઈ ને જોતજોતામાં તા. ૬-૧૦-૨૦૧૦ના રોજ હરિમંદિર શિલાન્યાસ સમારોહ યોજાયો. આ શિલાન્યાસ સમારોહમાં અંદાજિત ૧૦,૦૦૦ હરિભક્તોએ લાભ લીધો.

### હરિમંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મંદિર નિર્માણકાર્ય શરૂ થયું અને બે વર્ષના સમયગાળામાં નૂતન હરિમંદિરનું સેવાકાર્ય પૂર્ણ થયું. પૂ. સંતોના વિચરણના પરિણામે મોરબી સત્સંગ છોડમાંથી વટવૃક્ષ સમો બની રહ્યો. ઈ.સ. ૨૦૧૨માં ગુરુદેવના સંકલ્પથી અને ગુરુજીની પ્રેરણાથી મોરબી ખાતે હરિમંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો. ગુરુદેવ અને ગુરુજીના દિવ્ય હસ્તે મોરબી હરિમંદિરનો પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો. આ પ્રતિષ્ઠા ઉત્સવમાં ૧૨,૦૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.

### શિખર હરિમંદિરનો શિલાન્યાસ

ઈ.સ. ૨૦૨૧માં મોરબી ખાતે શિખર હરિમંદિરનો શિલાન્યાસ સમારોહ યોજાયો. આ સમયે કોરોનાનો સમય હતો. તેથી ૩૦૦૦ હરિભક્તોને ઘરે શિલાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ હરિભક્તોએ ઑનલાઈન ઘરે બેઠા બેઠા શિલાન્યાસનો લાભ લીધો હતો. ફક્ત ૨૦૦ હરિભક્તોની પ્રત્યક્ષ હાજરીમાં શિલાન્યાસ ભવ્યતાથી ઊજવાઈ ગયો. ત્યારબાદ મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું.

### પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તા. ૨૮-૪-૨૦૨૨માં નૂતન સત્સંગ હૉલ તૈયાર થતાં તેમાં ઈ.સ. ૨૦૧૨માં તૈયાર થયેલ હરિમંદિરમાં મહારાજને બિરાજમાન કરવાનો પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ગુરુજીના દિવ્ય હસ્તે સંપન્ન થયો. ગુરુજીએ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે ત્રણ દિવસ વચનામૃત પારાયણનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. ગુરુદેવ અને ગુરુજીના સંકલ્પથી ઈ.સ. ૨૦૨૪ના પૂર્વાર્ધમાં નિર્માણકાર્ય પૂર્ણ થવા આવ્યું. મોરબી ખાતે તૈયાર થયેલા હરિમંદિર, સત્સંગ હૉલ તેમજ શિખર હરિમંદિરના નિર્માણની આર્થિક સેવા તેમજ પ્રતિષ્ઠા ઉત્સવની સેવા પૂ. સંતોએ મોરબી સત્સંગ મંડળમાંથી જ ઊભી કરી. બાલ-બાલિકાઓએ પણ પસ્તી ઝુંબેશમાં જોડાઈને સેવાનો લાભ લીધો હતો. આમ, ઈ.સ. ૨૦૧૦થી લઈ ઈ.સ. ૨૦૨૫ સુધી ગુરુદેવ, ગુરુજી અને પૂ. સંતોએ મોરબી સત્સંગ મંડળની શુદ્ધિ અને વૃદ્ધિ માટે વિવિધ પ્રકારની સત્સંગ પ્રવૃત્તિઓ યોજી હતી.

ઈ.સ. ૨૦૧૦થી ઈ.સ. ૨૦૨૫ દરમ્યાન ગુરુદેવ, ગુરુજી અને પૂ. નિર્માનસ્વામી દ્વારા ૭૭ ઉપાસના શિબિર, ૮૨ સમૈયા, ૩૬ શાકોત્સવ, ૨૦ સત્સંગ શિબિર, ૪૮ બાળ સભા, ૨૫૨ અંગત સભા, ૧૩૨૭ પ્રાતઃ સભા, ૮૩૧૫ પધરામણી, ૨૭૨૦ અંગત મુલાકાતો, ૧૪ બાળ-વાલી સંમેલન, ૭ વચનામૃત પારાયણ, ૫ યુવા સંમેલન, ૨ શિલાન્યાસ સમારોહ અને ૩ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું આયોજન થયું હતું. આ ઉપરાંત સંતો-હરિભક્તોનો વિશેષ સહયોગથી ૬૨૫ યુવક સભા, ૮૨ કિશોર સભા, ૧૮૨ ગ્રામ્ય સભા, ૩૧ સત્સંગ પ્રવાસ, ૧૨ બાળ રેલી આદિક પ્રવૃત્તિ થઈ હતી. મોરબી સત્સંગ મંડળના ઉત્સાહ અને ઉમંગને લઈને ચાર દિવસ નૂતન શિખર હરિમંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠા ઉત્સવ અન્વયે ૪૨,૦૦૦ પત્રિકાઓનું વિતરણ ૫૦૦ જેટલા કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું. વળી, મોરબીથી ૩૦થી વધુ હરિભક્તો સમગ્ર એસ.એમ.વી.એસ. સત્સંગ સમાજને આ પ્રતિષ્ઠા ઉત્સવનું આમંત્રણ આપવા સ્વામિનારાયણ ધામ સંકલ્પ સભામાં પધાર્યા હતા.

### મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ

ભગવાન સ્વામિનારાયણ ને ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પે તેમજ વ્હાલા ગુરુજીની પ્રેરણાથી એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિર મોરબી ખાતે તા. ૨૦-૩-૨૦૨૫થી તા. ૨૩-૩-૨૦૨૫ એમ ચાર-દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. સમસ્ત મોરબીના મુમુક્ષુઓ માટે આત્યંતિક કલ્યાણ પામવાનાં દ્વાર ઉઘાડાં થયાં. અભિષેક ખંડ,





પોથીયાત્રા, મહાયાગ, સુવર્ણતુલા, રાજીપાદર્શન, વચનામૃત પારાયણ, સત્સંગ શિબિર છાબયાત્રા, શોભાયાત્રા, અન્નકૂટ, બ્લડ ડોનેશન કૅમ્પે મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં સહભાગી થવા આસપાસના વિસ્તારમાંથી ઊમટેલા હજારો મુમુક્ષુઓના અંતરે અનેરું આકર્ષણ જમાવ્યું હતું. આવો ત્યારે, તેની આછેરી ઝલક માણીએ.

**સ્વામિનારાયણ નગર તથા અભિષેક ખંડ ઉદ્‌ઘાટન**

તા. ૨૦-૩-૨૦૨૫ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અન્વયે બપોરના ૨:૩૦થી લઈને સાંજના ૬ વાગ્યા સુધી એમ સાડા ત્રણ કલાક સુધી સમગ્ર હૉલ સ્વામિનારાયણ મહામંત્રના નામે ગુંજી ઊઠ્યો. આજરોજ સંધ્યા સમયે, મોરબી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અન્વયે તૈયાર થયેલા સ્વામિનારાયણ નગરનું ઉદ્‌ઘાટન વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પૂ. નિર્ગુણસ્વામી તથા પૂ. નિર્માનસ્વામી સહિત સંત મંડળે સાંજે ૬:૦૦ વાગ્યે ઉદ્‌ઘાટિત કર્યું. ત્યારબાદ તેઓએ નગરમાં પ્રવેશતાં અભિષેક ખંડમાં પધરાવેલી શ્રી નીલકંઠ વર્ણી મહાપ્રભુનાં દર્શન કરી, પૂજનનો લાભ લઈ નીલકંઠ વર્ણી મહાપ્રભુનો અભિષેક કરી અભિષેક ખંડનું ઉદ્‌ઘાટન કર્યું. આ અભિષેક ખંડનો ૧૦,૦૦૦થી વધુ ભક્તોએ લાભ લીધો.

**પોથીયાત્રા**

ત્યારબાદ સંધ્યા સમે ૭:૩૦થી ૯:૧૦ સુધી પવિત્ર પોથીયાત્રાનું ભાવભર્યું આયોજન કરવામાં આવ્યું હતું. રજનીભાઈ આદ્રોજાના નિવાસસ્થાનેથી પોથીયાત્રા આરંભાઈ અને સરદાર-૧માં થઈ સ્વામિનારાયણ નગરમાં વિરામ પામી હતી. ૬૦૦ હરિભક્તો સાથે આ પોથીયાત્રામાં બૅન્ડવાજાંના ધ્વનિ વચ્ચે પુરુષ વિભાગમાં ૫૦ અને મહિલા વિભાગમાં ૫૦ પોથીઓ એમ કુલ ૧૦૦ પોથીઓ નગરજનોને વચનામૃત પારાયણનું આમંત્રણ આપતી આનંદમય રીતે આગળ વધતી રહી.

**સત્સંગ શિબિર**

તા. ૨૧,૨૨-૩-૨૦૨૫ના રોજ પ્રાતઃ સમયે મોરબી સત્સંગના નિકટના હરિભક્તો માટે સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રારંભિક કીર્તનભક્તિ અને પૂ. સંતોનો લાભ હરિભક્તોને મળતો. ત્યારબાદ ગુરુજી નિમગ્ન કરાવી પ્રાર્થના કરાવતા અને જીવ કેવી રીતે બળિયા થાય તે અંગેનો લાભ સળંગ ચાર કલાક આપતા. આ બે દિવસની સત્સંગ શિબિરમાં ગુરુજીએ આજ્ઞા-ઉપાસના ઉપર સદૃષ્ટાંત વાત કરી સરેરાશ ૧૨૦૦થી વધુ હરિભક્તોને બળ પ્રદાન કર્યું હતું.

**વચનામૃત પારાયણ**

તા. ૨૦-૩-૨૦૨૫થી લઈ તા. ૨૩-૩-૨૦૨૫ સુધી રાત્રિ સમયે મોરબી પ્રતિષ્ઠા અન્વયે ગુરુજીએ મોરબી સત્સંગ સમાજને વચનામૃત પારાયણનો લાભ આપ્યો હતો. આ પારાયણમાં ગુરુજીએ ગઢડા પ્રથમ પ્રકરણનું નવમું વચનામૃત, છેલ્લાનું ૩૮મું વચનામૃત આદિક વચનામૃત ઉપર વળી, અવરભાવમાં હૅપી ફૅમિલિ માટેના માપદંડો અને હૅપી ફૅમિલિ કરવાના ઉપાયો આ પારાયણમાં સૂચવ્યા હતા. આ પારાયણમાં નિયમિત સરેરાશ ૫,૦૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો.







### ગુરુજીની કૃપા

મૂર્તિપ્રતિષ્ઠા ઉપક્રમે આ સત્સંગ સમાજ ઉપર ગુરુજી અઢળક ઢળ્યા હતા. આ પ્રતિષ્ઠામાં ગુરુજીએ ચાર દિવસનો દિવ્ય સહવાસ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. પધરામણી, અંગત બેઠક અને અંગત લાભ લઈ હરિભક્તો ભર્યા થયા હતા. ગુરુજી સાથેની એક પળ મુમુક્ષુને સુખી અને ભર્યા કરી દે ત્યારે આ તો ચાર ચાર દિવસનો આ સંગ મોરબી સમાજ માટે ઘી-ગૉળનાં ગાડાં આવ્યાં સમો રહ્યો.

### ભવ્ય છાબયાત્રા

તા. ૨૧-૩-૨૦૨૫ ને શુક્રવારના રોજ સાંજે ૫:૦૦થી ૬:૩૦ દરમ્યાન ઘનશ્યામ મહાપ્રભુને રાજી કરવા વ્હાલા ગુરુજીની સંનિધિમાં છાબયાત્રાનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં ૧૦ છાબ, ૧૧ બેડા, ૨ પવાલી અને ૫ મુગટ સાથે શોભિત આ ભવ્ય છાબયાત્રા ચિંતનભાઈ આદ્રોજાના નિવાસસ્થાનેથી નૂતન મંદિર સુધી પધારી હતી.

### સ્મૃતિભેટ તથા રાજીપાદર્શન

તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ મોરબી મંદિર નિર્માણમાં પાયાની સેવા કરનાર તથા પ્રતિષ્ઠા અન્વયે ૨૮૦થી વધુ મુખ્ય તથા સહ યજમાનને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ સ્વહસ્તે રાજીપાસહ સ્મૃતિભેટ પ્રદાન કરી તથા આશીર્વાદ રૂપી છબીદર્શનનો લાભ આપ્યો હતો.

### મહાયાગ

તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ સાંજે ૩થી ૭ દરમ્યાન મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતોએ યજ્ઞ વિધિના પ્રારંભમાં દિવ્ય મૂર્તિઓની આરતી તથા યજ્ઞ આહુતિનો લાભ આપ્યો હતો. આ દિવ્ય મહાયાગમાં ૨૦૦ કરતાં વધુ યજમાન-યુગલે ૩ મુખ્ય યજ્ઞકુંડ સહિત ૨૦૩ યજ્ઞકુંડો પર લાભ લઈ ધન્યતા અનુભવી હતી. દિવ્ય મહાયાગની પૂર્ણાહુતિ બાદ ૪૦૦૦થી વધુ મુમુક્ષુઓ દિવ્ય કૃપાપ્રસાદનો લાભ લઈ છૂટા પડ્યા હતા.

### ગુરુજીના નિકટ દર્શન

તા. ૨૨-૩-૨૦૨૫ના સંધ્યા સમયે સાંજે ૬:૩૦થી ૭:૪૫ સુધી ૨૦૦૦ જેટલા હરિભક્તોને ગુરુજીના નિકટ દર્શન-









આશીર્વાદનો લાભ પ્રાપ્ત થયો હતો. તથા આજરોજ રાત્રે ૮ વાગે પ.ભ. શ્રી મગનભાઈ ભોરણિયાના ઘરે ૪૫ પૂ. સંતોની રસોઈનો પ્રોગ્રામનો લાભ લઈ ગુરુજીનો રાજીપો કમાયા.

### સુવર્ણ તુલા

આજરોજ રાત્રિ પારાયણમાં હરિકૃષ્ણ મહારાજનો દિવ્ય સુવર્ણ તુલા વિધિ વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં સંપન્ન થયો. સમસ્ત મોરબીના હરિભક્તોના ઉત્સાહને વશ થઈ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજે સુવર્ણ તુલામાં બિરાજમાન થઈ તુલાનો લાભ આપ્યો. મહિલા વિભાગમાં પણ મહિલાઓએ પોતાને અતિ વ્હાલું સોનું અર્પણ કરી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલાનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### શોભાયાત્રા

તા. ૨૩-૩-૨૦૨૫ ને રવિવારના રોજ પ્રાતઃ સમે ૮:૩૦થી ૧૨:૩૦ દરમ્યાન ઘનશ્યામ મહાપ્રભુને રાજી કરવા વ્હાલા ગુરુજીની સંનિધિમાં શોભાયાત્રાનું ભવ્ય આયોજન થયું હતું. આ શોભાયાત્રામાં હાથી ઉપર અંબાડીમાં ઘનશ્યામ મહાપ્રભુ બિરાજેલા. મુખ્ય સ્પૉટમાં હરિકૃષ્ણ મહારાજ, ગુરુજી તથા પૂ. સંતો અને યજમાનશ્રીઓ બિરાજેલા. તથા બીજી ૬ ઘોડાગાડીઓ, ૨ ગાડાઓ, ૬ નૃત્ય કરતા ઘોડાઓ, ૩ બૅન્ડ ટીમ, વિવિધ પ્રકારનાં ૮૦૦થી વધુ વાહનો તથા ૫૦૦૦થી વધુ હરિભક્તો સાથેની આ શોભાયાત્રા હજારો મુમુક્ષુઓનું આકર્ષણનું કેન્દ્ર બની હતી.

### બોર્ડ અનાવરણ તથા મંદિર ઉદ્‌ઘાટન સમારોહ

શોભાયાત્રા બાદ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ નૂતન મોરબી મંદિરનું બોર્ડ અનાવરણ તથા નૂતન મંદિરનાં મુખ્ય દ્વાર ઉદ્‌ઘાટિત કરી તથા મંગળ પૂજન કરી અનંત મુમુક્ષુઓ માટે આત્યંતિક કલ્યાણનું દ્વાર ઉઘાડું કરી આપ્યું હતું.

### પ્રતિષ્ઠા મહોત્સવ

મધ્યાહ્ન સમયે ૩થી ૬ દરમ્યાન મોરબી મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉમંગ ને ઉલ્લાસભેર ઊજવાયો. સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. ભક્તસ્વામીએ મહાપૂજા વિધિનો લાભ આપ્યો હતો. ત્યારબાદ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મહાપ્રભુ મુક્તો સહિત બિરાજમાન થયા તે અન્વયે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાર્થના કર્યા બાદ તેઓએ પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન, આરતી તથા છડીનો લાભ આપી












આનંદ-ઉત્સવ કરાવ્યો હતો. ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાર્થનાત્મક આશીર્વર્ષા વરસાવી. મૂર્તિપ્રતિષ્ઠા અન્વયે વ્હાલા ગુરુજી અને પૂ. સંતોએ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિના તથા યજમાનોએ પ્રતીકરૂપ મહાપ્રભુને રીઝવવા માટે પૂજન તેમજ રાજોપચાર વિધિમાં કંઠી, જનોઈ, મુગટ, અલંકાર, પુષ્પમાળા, રૂમાલ, છડી, છત્ર, પાદુકા, થાળ, જળ, મુખવાસ અને પુષ્પહાર અર્પણ કરવાનો લાભ લીધો હતો. પ્રતિષ્ઠા વિધિ બાદ ઘનશ્યામ મહારાજને રાજી કરવા માટે હરિભક્તોએ સમૂહઆરતીનો લાભ લીધો હતો.

### મહોત્સવ સભા

પ્રતિષ્ઠા મહોત્સવ બાદ દિવ્ય મહોત્સવ સભાનું આયોજન થયું હતું. તેમાં પ્રારંભે પૂ. ધર્મસ્વામીએ પ્રાસંગિક વક્તવ્યનો લાભ આપ્યો હતો. ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ દિવ્યવાણી દ્વારા ‘સુખી થવાના ઉપાયો’ વર્ણવ્યા હતા. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપ્યા હતા કે, “આજે મહારાજ અહીં બિરાજમાન થયા ત્યારે આજના પ્રતિષ્ઠા પ્રસંગે જે કોઈ પ્રસાદી લેશે એ સર્વેનો મહારાજ છેલ્લો જન્મ કરે, મૂર્તિસુખના અધિકારી કરે. પ્રતિષ્ઠા બાદ સાત દિવસ સુધી જે કોઈ દર્શનાર્થી આવે તે સર્વે આ આશીર્વાદમાં આવી જશે.” વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદથી સૌએ કૃતાર્થતા અનુભવી હતી.

### અન્નકૂટોત્સવ

ઘનશ્યામ મહારાજ, અબજીબાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓને રીઝવવા એમની સમક્ષ મિષ્ટાન્ન, ફરસાણ, સૂકામેવા, મુખવાસ તેમજ વિવિધ વાનગીઓથી અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. આ દિવસે રાત્રિના ૧૦ વાગ્યા સુધી ભગવાન સ્વામિનારાયણે ૨૦૦૦૦થી વધુ મુમુક્ષુઓને દર્શનનો લાભ આપ્યો હતો.

### સેવા-સમર્પણના સેનાની

આ મહોત્સવમાં મોરબીના ૫૦૦થી વધુ મહિલા-પુરુષ સ્વયંસેવકોએ રાત-દિવસ ખડે પગે રહી યોગદાન આપી મહોત્સવને સાર્થક બનાવ્યો હતો. તે જ રીતે મોરબી તથા સંસ્થાના ભક્તિનિવાસનાં પૂ. ત્યાગી મહિલામુક્તો તેમજ મહિલા ભક્ત સમાજે પણ વંદનીય સેવાઓ આપી હતી.

સમગ્ર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને સાફલ્યતા અર્પવા માટે મોરબીની સત્સંગ પ્રવૃત્તિના સંતો પૂ. નિર્ગુણસ્વામી, પૂ. નિર્માનસ્વામી, પૂ. નિઃસ્વાદસ્વામી, પૂ. આદર્શસ્વામી, પૂ. ત્યાગસ્વામી, પૂ. સર્વસ્વસ્વામી, પૂ. વર્તનસ્વામી, પૂ. દયાનિધિસ્વામી, પૂ. ધર્મભૂષણસ્વામી આદિક અવિરત સેવાના સેનાની સંતોએ અથાક પ્રયત્નો કર્યા હતા.

### જનહિત કલ્યાણ કાજે રક્તદાન શિબિર

મહોત્સવમાં ‘મેગા બ્લડ ડોનેશન’ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦થી વધુ ભક્તો રક્તદાનમાં જોડાયા હતા. આમ, જનસેવાનું અનેરું સોપાન જનહિત કાજે કરવામાં આવ્યું હતું. આમ, મોરબી દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ચારેય દિવસ ઑફલાઈન ૩૫,૦૦૦ તથા ઑનલાઈન ૪૫,૦૦૦થી વધુ ભાવિક ભક્તોએ દર્શન-આશીર્વાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.





તા. ૩૦-૩-૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૯થી સાંજે ૭ વાગ્યા દરમ્યાન દિવ્ય પુન: મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આજના પ્રોગ્રામની દિવ્ય શરૂઆત છાબયાત્રા દ્વારા થઈ હતી. પ.ભ. શ્રી રમેશભાઈ લાલજીભાઈ સિંધવના ઘરે પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ પધારી આરતી ઉતાર્યા બાદ છાબયાત્રાનો આરંભ કરાવ્યો હતો. વ્હાલા ગુરુજી હરિકૃષ્ણ મહારાજ સંગે બગીમાં બિરાજમાન થયા. ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ બાળમુકતો, ગપૂલી નૃત્ય કરતા આદિવાસી હરિભકતો, ઘોડા તેમજ બુલેટો સાથે વાજતે-ગાજતે છાબયાત્રા મંદિર પરિસરમાં પૂર્ણ થઈ હતી. આજરોજ સમસ્ત સુરેન્દ્રનગર સત્સંગ સમાજે પુરુષ વિભાગમાંથી ૧૦ તેમજ મહિલા વિભાગમાંથી ૧૦ એમ કુલ ૨૦ રજત તુલા કરી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને સાંસાગોટિલા કરી રાજી કર્યા હતા. મધ્યાહ્ન સમયે ઠાકોરજી જમાડ્યા બાદ સૌ મુકતોએ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લેવા માટે સભામંડપમાં પોતાનું સ્થાન લીધું. કીર્તનભક્તિ દ્વારા આજના દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની વિધિવત્ શરૂઆત થઈ હતી. સૌપ્રથમ મૂર્તિપ્રતિષ્ઠા પૂર્વે મહાપ્રભુને વ્હાલા ગુરુજીએ પ્રાર્થના કરી રીઝવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સૌ યજમાન મુકતો સ્વામિનારાયણ મહાયાગનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા. શ્રીફળનું અર્ઘ્ય આપી વ્હાલા ગુરુજીએ ગદ્ગદભાવે મહાપ્રભુને દર્શન આપવા પ્રાર્થના કરી રીઝવ્યા હતા. મહાપ્રભુની દિવ્ય મૂર્તિનાં નવલાં દર્શન થતાં જ સભામંડપ જયકારો તેમજ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો. વ્હાલા ગુરુજીએ સૌના ઉપર પુષ્પવર્ષા કરી આનંદ ઉત્સવનો લાભ આપી સુખિયા કર્યા હતા. ત્યારબાદ સૌ યજમાન મુકતોને મહાપ્રભુની રાજોપચાર વિધિનો લાભ મળ્યો હતો. આજના દિને બાપાશ્રી તેમજ દિવ્ય અમીરપેઢીની મૂર્તિમાં સદ્ગુરુઓ સંગે ગુરુદેવ પ.પૂ. બાપજીની મૂર્તિ પણ સિંહાસનમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. પ્રાસંગિક પ્રવચનમાં પૂ. નિર્ગુણસ્વામીએ લાભ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ઉપસ્થિત સભાગણને મહાત્મ્યસભર કર્યો હતો. ઉત્સાહી સ્વયંસેવક મુકતોએ પૂ. નિર્ગુણસ્વામી, પૂ. રાજીપાસ્વામી, પૂ. આજ્ઞાસ્વામી, પૂ. નિ:સ્વાદસ્વામી તેમજ અન્ય પૂ. સંતોની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, ૨૨૦૦ કરતાં પણ વધુ હરિભકતો આ દિવ્ય પ્રતિષ્ઠા ઉત્સવના સાક્ષી બન્યા હતા.









અમને દેખાવો પ્રતિમારૂપે પણ, દિવ્ય તેજોમય છો તમે.

## નાગલોદ - બામણા શિલાન્યાસ સમારોહ










ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ્યાં ખૂબ વિચરણ કર્યું એ પંચમહાલની ધન્ય ધરા ઉપર મોરવા હડફ તાલુકાના નાગલોદ-બામણા ગામે કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રનો શિલાન્યાસ સમારોહ વ્હાલા ગુરુજીની દિવ્ય નિશ્રામાં શાનદાર રીતે સંપન્ન થયો. તા.૨-૪-૨૦૨૫ના રોજ સવારે ૮થી ૧૨ દરમ્યાન રાખવામાં આવેલ પ્રોગ્રામની શરૂઆત નૂતન ભૂમિથી ૧.૫ કિ.મી. દૂર નાગલોદ ચોકડીથી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા વ્હાલા ગુરુજીના સામૈયાથી કરવામાં આવી હતી. વ્હાલા ગુરુજી ગાડીમાં બિરાજમાન થઈ સૌ કોઈ પર અમીદૃષ્ટિ રેલાવી આત્યંતિક કલ્યાણના કોલ આપી રહ્યા હતા. સામૈયું પૂર્ણ થયા બાદ સૌ મુક્તોએ કીર્તનભક્તિ દ્વારા સભાનો લાભ લેવા સ્થાન લીધું હતું. ત્યારબાદ વ્હાલા ગુરુજી, મોટેરા હરિભક્તો તથા યજમાનો દ્વારા સુશોભિત સ્થાનમાં શિલારોપણ તથા આરતી કરવામાં આવી હતી. પ્રાસંગિક સંત પ્રવચન પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સભાગણ વ્હાલા ગુરુજીની દિવ્યવાણીમાં ગરકાવ બન્યો હતો. વ્હાલા ગુરુજીએ સૌને ગુરુદેવે ખેડેલા વિચરણથી મહાત્મ્યસભર કર્યા હતા. ઉત્સાહી સ્વયંસેવક મુક્તોએ પૂ. નિર્ગુણસ્વામી, પૂ. નિષ્કામસ્વામી, પૂ. નિર્લોભસ્વામી તથા અન્ય સંતોની રાહબરી હેઠળ સમગ્ર સેવાયજ્ઞને દીપાવ્યો હતો. આમ, આ શિલાન્યાસ સમારોહમાં પધારેલ ૨૭૫૦થી વધુ હરિભક્તોએ ગુરુજીનાં દર્શન-આશીર્વાદ તથા પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## સંસ્થા ગૌરવ

### ખુશબૂબેન પીયૂષભાઈ પટેલ – ભાવનગર

ભાવનગર સેન્ટરના યુવતીમુક્ત ખુશબૂબેને એન્જિનિયરિંગ ક્ષેત્રે મિકેનિકલ એન્જિનિયરિંગ શાખામાં ઍપ્લિકેશન ઑફ 3D પ્રિન્ટિંગ ઇન ઇન્વેસ્ટમૅન્ટ કાસ્ટિંગ વિષય અંતર્ગત પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓ ભવિષ્યમાં તેમની કારકિર્દીમાં વધુ ને વધુ યશકલગી ઉમેરતાં રહે.

રાજીપાથી સફળતાના સર્વશ્રેષ્ઠ શિખરો સર થાય.

# સાધક દીક્ષા સમારોહ









શ્રીજી અર્થે જીવન કુરબાન કરવાની નેમ સાથે જીવનારા, એસ.એમ.વી.એસ. સમાજના અનેક મુમુક્ષુઓ વ્હાલા ગુરુજીની નિશ્રા હેઠળ ત્યાગાશ્રમનો માર્ગ સ્વીકારી રહ્યા છે ત્યારે આવા મુમુક્ષુઓના ઘડતર માટે ચાલી રહેલ સાધક તાલીમ કેન્દ્ર (STK) દ્વારા તા. ૮-૪-૨૦૨૫ ને મંગળવાર, ચૈત્ર સુદ એકાદશીના પાવન દિને સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર સંત પ્રાર્થના મંદિર ખાતે બપોરે ૧૨:૪૫થી ૨:૦૦ વાગ્યા દરમ્યાન સાત મુમુક્ષુઓની સાધક દીક્ષા વિધિનો કાર્યક્રમ યોજાઈ ગયો. કીર્તનભક્તિ બાદ વ્હાલા ગુરુજીનું આગમન થતાંની સાથે વિધિની શરૂઆત થઈ. ત્યારબાદ પ્રાર્થના તથા શ્લોકગાન દ્વારા વ્હાલા ગુરુજીએ સાત મુમુક્ષુઓને તન, મન સર્વસ્વ અર્પણ કરાવ્યાં હતાં. વ્હાલા ગુરુજીએ વસ્ત્ર અર્પણ કર્યાં અને ત્યારબાદ સાતેય મુક્તોને વ્હાલા ગુરુજીને પુષ્પહાર ધારણ કરાવવાનો તથા પૂજન-અર્ચન કરવાનો લાભ મળ્યો. વ્હાલા ગુરુજીએ સાતેય મુમુક્ષુઓને વર્તમાન ધરાવી નવું નામકરણ કર્યું. આમ, સર્વે મુમુક્ષુઓ પર વ્હાલા ગુરુજીની અપાર આશીર્વર્ષાની હેલી સાથે સાધક દીક્ષા વિધિ પૂર્ણ થયો હતો.

## સાધક નામાવલી

| નામ | દીક્ષાર્થી નામ | નામ | દીક્ષાર્થી નામ |
|---|---|---|---|
| ગૌરવ મહારાજ | – શ્રવણ મહારાજ | સિદ્ધાંત મહારાજ | – મનન મહારાજ |
| ઘનશ્યામ મહારાજ | – સંયમ મહારાજ | સૌરભ મહારાજ | – નિદિધ્યાસ મહારાજ |
| કૃણાલ મહારાજ | – સરળ મહારાજ | ધ્રુવિલ મહારાજ | – દાસત્વ મહારાજ |

હિરેક મહારાજ – નિખાલસ મહારાજ



શ્રીજી માટે જન્મ અમારો, એ ગીત સદાયે ગાવાં રે.

# કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



**તા. ૧૮-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ પ્રાતઃ સમયે **વસ્ત્રાલ** ખાતે વાર્ષિક પાટોત્સવમાં લાભ આપી સૌને આનંદોત્સવમાં ગરકાવ કર્યા હતા. આજરોજ રાત્રિ સમયે **વસ્ત્રાલ** ખાતે જાહેર સભામાં ૧૮૦૦થી વધુ હરિભક્તોને સુધાવાણીનો લાભ આપ્યો હતો. તથા **વસ્ત્રાલ** ખાતે ૧૩ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપ્યો હતો.

**તા. ૧૯-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પેટલાદ (વડોદરા)** ખાતે રાત્રિ સમે જાહેર સભામાં હેપી ફૅમિલિ કરવાના ઉપાયો પર ૧૪૫૦થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. તેમજ ૧૩ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવ પૂરા કર્યા હતા.

**તા. ૨૦-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **આણંદ** ખાતે પ્રાતઃ સમે નિકટના હરિભક્તોને રાજીપાના માર્ગે આગળ વધવાનું દિવ્ય બળ પૂરું પાડ્યું હતું. આજરોજ રાત્રિ સમયે જાહેર સભામાં હેપી ફૅમિલિ વિષયક લાભ આપી ૧૦૫૦થી વધુ મુમુક્ષુઓને અમૃતવાણીનો લાભ આપ્યો હતો. તથા **આણંદ** ખાતે ૮ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના પ્રેમનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૨-૨-૨૫**ના મહામંગલકારી દિને **વ્હાલા ગુરુજી**એ વાસણા ખાતે ૩૮મા પાટોત્સવ ઉપક્રમે મહારાજને લાડ લડાવી સાંસાગોટિલા કરી રીઝવવાની રીત ઉપસ્થિત હરિભક્તોને શીખવી હતી. આજરોજ **SMVS** સંસ્થા દિન નિમિત્તે દિવ્યવાણી દ્વારા ભલામણ પાઠવી બળિયા કર્યા હતા. વળી, આજરોજ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે ૮ પધરામણી તેમજ સંધ્યા સમે **ચાંદખેડા** ખાતે ૧૦ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા.

**તા. ૨૩-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે કાર્યાલયના સ્ટાફ મુક્તોને લાભ આપી મહારાજ અને મોટાના સંકલ્પમાં ભેગા ભળવાના આગ્રહી બનાવ્યા હતા.

**તા. ૨૪-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમે સંકલ્પ સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત ૨૬૬૯૦થી વધુ હરિભક્તોને મહિમાસભર કર્યા હતા.

**તા. ૨૫-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** તથા **ચાંદખેડા**ના ૧૭૦૦થી વધુ મુમુક્ષુ મુક્તોને પોતાની કૃપા સરવાણીથી ભીંજવી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **સ્વામિનારાયણ ધામ** તથા **ચાંદખેડા** ખાતે ૧૧ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**એક એકને બેસાડી મહારાજ આપ્યા.**

**તા. ૨૬-૨-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંસ્થાના અગ્રેસર હરિભક્ત સમાજને કારણ સત્સંગના આદર્શો ને સિદ્ધાંતોથી ભર્યા કર્યા હતા.

**તા. ૧-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (ડભોલી)** ખાતે અંગત શિબિરમાં ઉપસ્થિત મુમુક્ષુઓને દિવ્યવાણીનો લાભ આપી રાજીપાના રાજમાર્ગ પર આગળ વધવાનું અનેરું બળ પૂરું પાડ્યું હતું. વળી, આજરોજ **સુરત (ડભોલી)** ખાતે ૧૨ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરત (વરાછા)** ખાતે અંગત શિબિરમાં ઉપસ્થિત રાજીપાના ભૂખ્યા હરિભક્તોને બળપ્રેરક સુધાવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા. વળી આજરોજ રાત્રિ સમે જાહેર સભામાં ૧૩૯૪થી વધુ ભક્તોને કથાવાર્તાનો તેમજ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૭-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નિકોલ** ખાતે રાત્રિ સમે ભવિષ્ય સમ બાળ પેઢીને ઘડવાની સેવા નિભાવતા **ઘનશ્યામનગર, નિકોલ** તથા **નરોડાના** બાળ સંચાલકોને રાજીપા સહ દિવ્યવાણીનો લાભ આપી ઉત્સાહિત કર્યા હતા. વળી, આજરોજ **ઘનશ્યામનગર** તથા **નિકોલ** ખાતે ૧૯ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના કોડ પૂરા કર્યા હતા.

**તા. ૮-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સમયે અમદાવાદ પૂર્વ ઝોનના નિકટના હરિભક્તોને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **ઘનશ્યામનગર, નિકોલ** ખાતે ૧૧ પધરામણી તેમજ ૨ રસોઈની સેવાનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. વળી, આજરોજ રાત્રિ સમે જાહેર સભામાં ઉપસ્થિત હરિભક્તોને સુધાવાણીનો લાભ આપ્યો હતો.

**તા. ૯-૩-૨૫**ના રોજ **વિજાપુર** ખાતે **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમે પાટોત્સવ ઉપક્રમે ૨૧૫૦થી વધુ મુક્તોને સુખિયા કર્યા હતા. તેમજ ૧ પધરામણીનો લાભ પણ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોતા** ખાતે દશાબ્દી વર્ષ ઉપક્રમે રાત્રિ સમયે પાટોત્સવમાં ઉપસ્થિત ૩૩૦૦થી વધુ મુમુક્ષુઓને દર્શન-આશીર્વાદનો લાભ આપી મોક્ષભાગી કર્યા હતા.

**તા. ૧૦-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૪૭૦૦થી વધુ મુમુક્ષુઓને પ્રત્યક્ષ તથા ઑનલાઈન દર્શન-આશીર્વાદનો લાભ આપી દિવ્યભાવની દુનિયામાં ગરકાવ કર્યા હતા.

**તા. ૧૪-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે ૨ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ ગુરુદેવના સંકલ્પ સમી SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલને ૬ વર્ષ પૂર્ણ થયે હૉસ્પિટલ ખાતે પધારી દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા.

**તા. ૧૫-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભાવનગર** ખાતે અંગત સભામાં કથાવાર્તાનો લાભ આપી ઉપસ્થિત મુમુક્ષુઓને બળ પૂરું પાડ્યું હતું.

**તા. ૧૬-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઉના** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિરમાં ઉપસ્થિત હરિભક્તોને રાજીપાનું ભાથું ભરી આપ્યું હતું. વળી, આજરોજ રાત્રિ સમયે જાહેર સભામાં **ઉના** ખાતે હૅપી ફૅમિલિ બનાવવાના ઉપાયો ઉપસ્થિત ૧૧૮૦થી વધુ મુક્તોને જણાવી દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. વળી, આજરોજ **ઉના** ખાતે ૮ ભાવિક ભક્તોને હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૭-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **રાજુલા** ખાતે અંગત શિબિરમાં પધારેલા મુક્તોને મહારાજ અને મોટાના સંકલ્પમાં ભેગા ભળવાનું દિશાદર્શન સૂચવ્યું હતું. વળી, આજરોજ **રાજુલા** ખાતે ૭ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂરા કર્યા હતા.

**તા. ૨૬-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૨૫૫૮૦થી વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૭-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિરમાં ઉપસ્થિત મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળ પ્રદાન કર્યું હતું. આજરોજ રાત્રિ સમયે જાહેર સભામાં **નરોડા** ખાતે ૧૮૦૩થી વધુ મુક્તોને હૅપી ફૅમિલિ વિષયક સુધાવાણીનો લાભ આપી આત્મીય બનવા પ્રેરણા આપી હતી. તેમજ **નરોડા** ખાતે આજરોજ ૧૨ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૮-૩-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે પ્રાતઃ સમયે અંગત શિબિરમાં ઉપસ્થિત મુક્તોને રાજીપાના માર્ગે વધવાનું અનેરું બળ પૂરું પાડ્યું હતું. વળી આજરોજ **ઇસનપુર** ખાતે ૧૨ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કરી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ રાત્રિ સમે **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** તથા **વસ્ત્રાલ** સેન્ટરના ઉત્સાહી મુક્તોને રાજીપાદર્શન કાર્યક્રમ દ્વારા રાજીપો વરસાવી મહિમાવંત કર્યા હતા.

**તા. ૧-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હાલોલ** ખાતે અંગત સભામાં ઉપસ્થિત મુમુક્ષુઓને રાજીપાના પીયૂષ પિવડાવી મહિમાવંત કર્યા હતા. વળી, આજરોજ **હાલોલ** રાત્રિ સમયે જાહેર સભામાં ૧૮૦૦થી વધુ મુક્તોને અમૃતવાણીનો લાભ આપી કૃપાવંત કર્યા હતા. વળી, અહીં ૬ પધરામણીનો લાભ પણ આપ્યો હતો.

**તા. ૨-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **બામણા (ગોધરા)** ખાતે રાત્રિ સમયે જાહેર સભામાં ૨૭૦૦થી વધુ હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **ગોધરા** ખાતે રાજીપાદર્શન ઉપક્રમે અગ્રેસર મુક્તોને રાજીપાવર્ષા દ્વારા ભીંજવ્યા હતા. આજરોજ **ગોધરા** ખાતે ૧૬ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના કોડ પૂરા કર્યા હતા.

**તા. ૩-૪-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વડોદરા** ખાતે અંગત શિબિરમાં ઉપસ્થિત મુમુક્ષુઓને રાજીપાના માર્ગે આગળ વધવાનું દિશાદર્શન કરાવ્યું હતું. વળી, આજરોજ જાહેર સભામાં **વડોદરા** ખાતે ૩૦૫૬થી વધુ ભક્તોને સુધાવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, અહીં ૫ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.



ગુરુજીએ દેહ સામું કદી જોયું નહીં.

**વ્હાલા ગુરુજીને રાજી કરવા ચાલો આપીએ સત્સંગ પરીક્ષા**

- **કિશોર–યુવા સત્સંગ પરીક્ષા સમયગાળો**

  **તા. ૮–૬–૨૦૨૫, રવિવારથી તા. ૧૫–૬–૨૦૨૫, રવિવાર.**

  (જે તે સેન્ટરની અઠવાડિક સભાના દિવસે અઠવાડિક સભાના સમયે)

- **અભ્યાસક્રમ :** સત્સંગ પરીક્ષા પૅમ્ફલેટ - ૨૦૨૫
- **પરીક્ષા અંગેની અગત્યની સૂચનાઓ**

૧. અઠવાડિક સભામાં આવતા તમામ સભ્યો સત્સંગ પરીક્ષાનો લાભ લઈ શકે તે માટે આ વર્ષે સત્સંગ પરીક્ષા અઠવાડિક સભા દરમ્યાન જ લેવામાં આવશે.

૨. **૧૪ વર્ષથી ઉપરના** તમામ પરીક્ષાર્થીઓએ કિશોર-યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

૩. આદર્શ પ્રૉજેક્ટમાં જોડાયેલા – DSS, AYP તથા પ્રિ-મુમુક્ષુના મુક્તોએ ફરજિયાત પરીક્ષા આપવાની રહેશે.

૪. કિશોર-યુવા સત્સંગ પરીક્ષા **૪૦ ગુણ**ની રાખવામાં આવશે.

૫. પરીક્ષાનો સમય **૪૦ મિનિટ**નો રહેશે.

૬. સત્સંગ પરીક્ષા લેખિતમાં રહેશે જેના ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે.

---

**નૂતન પ્રકાશન**

# વાણી




### विशेषताएं

- गुरुजी के कृपावचनों द्वारा वाणी में विवेक का महत्त्व, फायदें, नुकसान, उपाय आदि की समझ
- इन प्रसंग-दृष्टांत पर से स्वजीवन में क्या लक्षित करना चाहिए ऐसे एक महत्त्वपूर्ण मुद्‌ए का स्पष्टीकरण
- जीवन जीने की प्रेरणा प्राप्त करने का प्रायोगिक स्त्रोत
- इस पुस्तिका का उद्देश्य यह है कि हमारा वाणी-व्यवहार कैसा होना चाहिए ? उसकी उचित रीत को सीखाना
- यह पुस्तिका हमारे स्वजीवन में सभ्यता, भक्तता और दिव्यता प्रकट करेगी

**प्राप्तिस्थान**

**SMVS** संस्था के सभी बुकस्टोल से उपलब्ध

## સંસ્થામાં ચાલી રહેલ નૂતન મંદિરોનું નિર્માણકાર્ય

"સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ." આ સિદ્ધાંત સૂત્રના પ્રવર્તનને વેગ આપવા માટે સંસ્થા દ્વારા હાલ વિવિધ જગ્યાએ કારણ સત્સંગના નૂતન સત્સંગ કેન્દ્રોનું બાંધકામ પુરજોશમાં ચાલી રહ્યું છે. ભવિષ્યમાં અહીં કારણ સત્સંગની વિજયપતાકાઓ લહેરાશે, હજારો મુમુક્ષુઓના મોક્ષનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવશે અને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપને ઓળખી તેઓ છતે દેહે મૂર્તિનું અલૌકિક સુખ માણતા થશે. આવો, શ્રીજીમહારાજ અને ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પો કેવી રીતે સાકાર થઈ રહ્યા છે તેનું છબીદર્શન કરીએ.


દાહોદ


વીરપુર


બાવળા



કડી



જૂનાગઢ



આણંદ



લુણાવાડા



પેટલાદ

# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું દુબઈ-આફ્રિકા ખાતે સત્સંગ વિચરણ










મહારાજ અને મોટાપુરુષના કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના સંકલ્પની પુષ્ટિ હેતુ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી આ વર્ષે દુબઈ-આફ્રિકા ખાતે પૂ. સંતોનું સત્સંગ વિચરણ યોજાયું. આ વિચરણમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. મૂર્તિસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. દીનબંધુસ્વામી, પૂ. નિર્દંભસ્વામી તથા હરિભક્તોમાં રાહુલભાઈ દરજી, શાહીલભાઈ પટેલ અને શ્રીજીરાજ પટેલ પૂ. સંતો સાથે વિચરણમાં જોડાયા હતા. તા. ૧૫ માર્ચ ને શનિવારની વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ફ્લાઇટ આફ્રિકા ખાતે યુગાન્ડામાં કમ્પાલા ખાતે લૅન્ડિંગ થયું. કમ્પાલા ખાતે ૧૦ દિવસના વિચરણ દરમ્યાન ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે જાહેર સભા, સત્સંગ શિબિર, ૯મો વાર્ષિક પાટોત્સવ વગેરે જેવા વિવિધ આયોજનો ગોઠવવામાં આવ્યાં હતાં. જેના દ્વારા સૌ મુક્તો અસ્મિતાસભર થઈ મહાત્મ્યની દુનિયામાં ગરકાવ થયા હતા. આમ, કમ્પાલા ખાતેનું સત્સંગ વિચરણ પૂર્ણ કરી બંને સંત મંડળે કેન્યા તરફ પ્રયાણ કર્યું હતું.

તા. ૨૬ માર્ચની સંધ્યાએ પૂ. સંતો કેન્યા ખાતે નાઇરોબીના ભાવિક ભક્તોને લાભ આપવા પધાર્યા. નાઇરોબી ખાતેના ત્રણ-દિવસીય સત્સંગ વિચરણ દરમ્યાન તા. ૨૭ માર્ચ ને ગુરુવારના રોજ પૂ. સંતોના સાંનિધ્યમાં યોજાયેલ જાહેર સભામાં હૅપી ફૅમિલિ વિષય પર લાભ લઈ હરિભક્તો બળિયા બન્યા હતા. નાઇરોબી ખાતેનું સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. મૂર્તિસ્વામીના સંત મંડળે દુબઈ તરફ પ્રયાણ કર્યું. જ્યારે પૂ. આશીર્વાદસ્વામીના સંત મંડળે કિસુમુ વિચરણ માટે પ્રયાણ કર્યું. તા. ૨૯ માર્ચની સંધ્યાએ પૂ. સંતો યુ.એ.ઈ. ખાતે દુબઈ પહોંચ્યા. દુબઈ ખાતેના ૧૦ દિવસીય સત્સંગ વિચરણ દરમ્યાન ૧૨મા વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે હૅપી ફૅમિલિ સભા, રાજપૂત સમાજની સભા, સત્સંગ શિબિર, કાર્યકર ડે તથા સત્સંગ પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમોનાં આયોજન દ્વારા હરિભક્તોને અનેરું બળ પૂરું પાડ્યું હતું.

એ જ રીતે કિસુમુ ખાતે યોજાયેલ જાહેર સભામાં પૂ. સંતોએ હરિભક્તોને સત્સંગ પ્રેરણાનાં પીયૂષ પાયાં હતાં. ત્યારબાદ પૂ. આશીર્વાદસ્વામીના સંત મંડળે જુદા જુદા એરિયામાં સત્સંગ સભાનો લાભ આપી અંતમાં કમ્પાલા મંદિરે શ્રીહરિ પ્રાગટ્યોત્સવમાં લાભ આપી હરિભક્તોને મહારાજના મહિમાઆકારે કર્યા હતા. આ પ્રસંગે ઇન્ડિયાથી વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પણ સર્વે મુક્તોને લાઇવ દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો. આમ, પૂ. સંતોના ૩૦ દિવસીય દુબઈ-આફ્રિકા વિચરણ દરમ્યાન ૧૯ પ્રાત: સભાઓ, ૨૨ રાત્રિ સભાઓ, ૫ જાહેર સભાઓ, ૩ એરિયા સભાઓ, ૩ સત્સંગ શિબિર, ૩ બાળ સભાઓ, ૨ કાર્યકર ડે, ૨ ઉપાસના સભા, કિશોર સભા, કીર્તન આરાધના, ૩ મહાપૂજા તથા ૧૧૫ જેટલી પધરામણીઓ તથા અંગત બેઠકો તેમજ સત્સંગ પ્રવાસ જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા હરિભક્તો મહારાજ, મોટાપુરુષ અને સંસ્થાની અસ્મિતા દઢ કરી મહિમાઆકારે થયા હતા. દુબઈ સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. મૂર્તિસ્વામીના સંત મંડળે તા. ૮ એપ્રિલ, ૨૦૨૫ તથા આફ્રિકા ખાતેનું સત્સંગ વિચરણ પૂર્ણ કરી પૂ. આશીર્વાદસ્વામીના સંત મંડળે ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ઇન્ડિયા તરફ પ્રયાણ કર્યું.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









વ્હાલા ગુરુજીના સંકલ્પે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ ખાતે દિવ્ય સત્સંગ વિચરણનું આયોજન થયું હતું. તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ને ગુરુવારના રોજ પૂ. પૂર્ણસ્વામી, પૂ. વંદનસ્વામી તથા પૂ. હરિવદનસ્વામી એમ ત્રણ સંતોનું મંડળ તથા વિદેશ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સમર્પિત મુક્ત સાગર મહારાજ અને હરિભક્તોમાં પ.ભ. શ્રી ગૌતમભાઈ પટેલ, શ્રી પરેશભાઈ પટેલ તથા શ્રી દિશાંતભાઈ પટેલ પણ આ વિચરણમાં સાથે જોડાયા હતા.

સૌપ્રથમ મેલબોર્ન ખાતેથી વિચરણનો પ્રારંભ થયો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોનું ત્યાંના હરિભક્તોએ એરપોર્ટ પર વધાવી લઈ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫થી તા. ૨ એપ્રિલ, ૨૦૨૫ એમ કુલ ૫૬ દિવસીય વિચરણયાત્રામાં અનુક્રમે મેલબોર્ન, ન્યૂઝીલૅન્ડ, સિડની, બ્રિસ્બેન તથા એડીલેટના હરિભક્તોએ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ. સંતોના દિવ્ય સાંનિધ્યનો અણમોલ લહાવો લીધો હતો. આ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૧૮ પ્રાત: સભા, ૨૫ સંધ્યા સભા, ૭ સત્સંગ શિબિર, ૪ સત્સંગ પારાયણ, સત્સંગ પ્રવાસ, બાળ સમર કૅમ્પ, ૮ જાહેર સભા તથા ૯૭થી વધુ પધરામણી અને મહાપૂજાનો લાભ આપી સૌને સત્સંગના રંગે રંગ્યા હતા. વિશેષત: સૌને દિવ્યાનંદની પળો રૂપે વ્હાલા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય અભિષેક ઉત્સવનો લાભ મળ્યો હતો. હૅપી ફૅમિલિ તથા વાલી સંમેલન જેવા જીવનસ્પર્શી કાર્યક્રમો દ્વારા હરિભક્તોએ પોતાના વ્યવહારિક જીવનમાં અદ્ભુત સોનેરી સૂત્રો કંડાર્યાં હતાં. આ અરસામાં ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણી ન્યૂઝીલૅન્ડ તથા બ્રિસ્બેન ખાતે થઈ હતી. બાળ-કિશોરોની અવનવી પ્રવૃત્તિઓથી સમર્પિત મુક્ત સાગર મહારાજે બાળ માનસમાં સત્સંગ જ્ઞાનની સમજ પ્રેરી બાળ-કિશોરોને સત્સંગના માર્ગે આગળ વધાર્યા હતા. સાથે સાથે સત્સંગ પ્રવાસના માધ્યમે પૂ. સંતોના સાંનિધ્યમાં જ્ઞાન સાથે ગમ્મત તથા વિવિધ ઍક્ટિવિટી દ્વારા આત્મીયતાસભર દિવ્યાનંદનું વાતાવરણ સર્જાયું હતું.

આધ્યાત્મિક ઉન્નતિ તથા પૂ. સંતો સાથેની અનેરી સ્મૃતિઓ વાગોળતા થકા હરિભક્તોએ ભારે હૃદયે તા. ૨ એપ્રિલ, ૨૦૨૫ ને બુધવારે એડીલેટથી આ સંત મંડળને વિદાય આપી હતી.

# મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. અમથુભાઈ હરખાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૫, નારીચાણા; તા. ૧૬-૨-૨૦૨૫ :**



નારીચાણાના ઘરધણી મુક્ત અમથુભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીની આજ્ઞાથી સંસ્થાના પંચમહાલ, મહેસાણા તથા સુરેન્દ્રનગર ખાતેના મંદિરોમાં ૨૦ વર્ષ સુધી સેવા આપી અંતરનો રાજીપો કમાયા હતા. તેઓએ નિષ્કામભાવે તથા ઘરધણીપણે સેવા ઉપાડી લઈ ગુરુદેવ, ગુરુજી તથા પૂ. સંતોને નિશ્ચિતપણું અપાવી રાજી કર્યા હતા.

**મૂ.નિ. વાઘજીભાઈ અરજણભાઈ વણોલ, ઉંમર વર્ષ-૭૮, રતનપર; તા. ૧૯-૨-૨૦૨૫ :**



સુરેન્દ્રનગર મંદિરે ઘરધણી થઈ સેવા બજાવતા અશોકભાઈ વણોલના પિતાશ્રી વાઘજીભાઈ વણોલ ધામમાં પધાર્યા છે. અશોકભાઈના ઘરે પધરામણી દરમ્યાન તેઓએ વાઘજીભાઈની બીમારીના કારણે વ્હાલા ગુરુજીને તેમને ધામમાં તેડી જવા માટે પ્રાર્થના કરી હતી. મોટાપુરુષના બોલનારા મહારાજ હોય એ ન્યાયે ૮ વર્ષનું આયુષ્ય બાકી હોવા છતાં વ્હાલા ગુરુજીએ આપેલા વચન મુજબ તેઓ મૂર્તિસુખે સુખિયા થયા હતા.

**મૂ.નિ. રમેશભાઈ સુંદરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૪, ધ્રાંગધ્રા; તા. ૨૩-૨-૨૦૨૫ :**



સુરેન્દ્રનગર સેન્ટરના ઘરધણી મુક્ત રમેશભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓએ છેલ્લા ૨૦ વર્ષથી સુરેન્દ્રનગર મંદિરે વહીવટદાર, કોઠારી ઉપરાંત નાની-મોટી તમામ સેવાઓ ઉપાડી લઈ પૂ. સંતોને નિશ્ચિત કર્યા હતા. ગુરુદેવ તથા ગુરુજીના વચનોને અધ્ધરથી ઝીલી તેઓ રાજીપાના પાત્ર બન્યા હતા.

**મૂ.નિ. જોઈતાભાઈ શંકરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૨, કરણનગર; તા. ૧૮-૩-૨૦૨૫ :**



કરણનગર સેન્ટરના ઘરધણી મુક્ત જોઈતાભાઈ પટેલ મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી પૂજારી તરીકે તેમજ મંદિરે પોઢવાની સેવા બજાવી ગુરુદેવ તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. પૂ. સંતોની પણ નાનામાં નાની સેવા ઉપાડી લઈ તેમને નિશ્ચિત બનાવ્યા હતા.

**મૂ.નિ. ચંદુભાઈ રામજીભાઈ ચપલા, ઉંમર વર્ષ-૭૫, ઉપલેટા; તા. ૨૮-૩-૨૦૨૫ :** ઉપલેટાના ઘરના જ હરિભક્ત ચંદુભાઈ ચપલા મહાપ્રભુની મૂર્તિના સુખે સુખિયા થયા છે. પૂ. સંતોની આજ્ઞાથી નરોડા મંદિરે તેમજ સ્વામિનારાયણ ધામ ખાતે મુખ્ય કોઠાર વિભાગમાં ખંતપૂર્વક સેવા બજાવી તેઓ ગુરુદેવ અને ગુરુજીનો રાજીપો કમાયા હતા.

**મૂ.નિ. મનીષભાઈ ડાહ્યાભાઈ સચદેવ, ઉંમર વર્ષ-૫૫, વાસણા; તા. ૩૧-૩-૨૦૨૫ :**



આપણા ઘરના જ હરિભક્ત સંજયભાઈ હરિભાઈ ઠક્કરના સાળા મનીષભાઈ સચદેવ મહાપ્રભુની મૂર્તિના સુખે સુખિયા થયા છે. સંસ્થાને પોતાની માની ખૂબ સેવા કરી તેઓ ગુરુદેવ તથા ગુરુજીના રાજીપાના પાત્ર બન્યા હતા. અચાનક આવી પડેલ આ વિપદામાં મહારાજ તેઓના સમસ્ત પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે તેવી પ્રાર્થના.

**મૂ.નિ. નારાયણભાઈ કાળીદાસ પટેલ, ઉંમર વર્ષ-૮૫, સોલા; તા. ૨-૪-૨૦૨૫ :**



સંસ્થામાં મમત્વભાવના નાતે જોડાયેલા નારાયણભાઈ પટેલ મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે. વ્હાલા ગુરુદેવ તથા ગુરુજીની આજ્ઞાથી તેઓ તથા સમસ્ત પરિવારજનો સંસ્થાના નાના-મોટા પ્રસંગે ઘણી સેવા બજાવી રાજીપો કમાયા છે. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના બંને દીકરા સેવંતીભાઈ, કાંતિભાઈ તથા સમસ્ત પરિવારજનોને સત્સંગનું-સમજણનું ખૂબ બળ આપે.

**મૂ.નિ. અલ્પેશભાઈ અરવિંદભાઈ મોદી, ઉંમર વર્ષ-૪૬, નરોડા; તા. ૧-૩-૨૦૨૫**

**મૂ.નિ. હાર્દિકભાઈ રાજેશભાઈ ડાભી, ઉંમર વર્ષ-૩૫, ઇસનપુર; તા. ૩-૩-૨૦૨૫**

**મૂ.નિ. સતીષભાઈ કાંતિભાઈ રામી, ઉંમર વર્ષ-૬૭, વીરપુર; તા. ૮-૩-૨૦૨૫**

**મૂ.નિ. ગોરધનભાઈ ભાઈચંદભાઈ પંચાલ, ઉંમર વર્ષ-૭૮, ઘાટલોડિયા; તા. ૮-૩-૨૦૨૫**

**મૂ.નિ. બિરજુભાઈ હસમુખભાઈ પટેલ, ઉંમર વર્ષ-૩૮, યુ.કે.; તા. ૨૫-૩-૨૦૨૫**

**મૂ.નિ. જયંતભાઈ નટવરલાલ ઝીંઝુવાડિયા, ઉંમર વર્ષ-૭૦,**

વાસણા; તા. ૨૭-૩-૨૦૨૫

મૂ.નિ. પ્રભુદાસભાઈ ધીરજલાલ વિઠ્ઠલાણી, ઉંમર વર્ષ-૫૬, સુરત; તા. ૫-૪-૨૦૨૫

મૂ.નિ. હીરાલાલ નારાયણદાસ પટેલ, ઉંમર વર્ષ-૮૧, ગાંધીનગર; તા. ૭-૪-૨૦૨૫

મૂ.નિ. કાંતિલાલ જગજીવનદાસ ઠક્કર, ઉંમર વર્ષ-૮૮, ધોળકા; તા. ૧૦-૪-૨૦૨૫

મૂ.નિ. સવિતાબેન લક્ષ્મણભાઈ સારોલા, ઉંમર વર્ષ-૭૮, સુરેન્દ્રનગર; તા. ૧૩-૨-૨૦૨૫

મૂ.નિ. કંકુબેન બેચરદાસ પટેલ, ઉંમર વર્ષ-૯૧, ઊંઝા; તા. ૨૮-૨-૨૦૨૫

મૂ.નિ. નિરંજનાબેન રમણલાલ ભટ્ટ, ઉંમર વર્ષ-૯૫, વાસણા; તા. ૨-૩-૨૦૨૫

મૂ.નિ. પુષ્પાબેન કીર્તિભાઈ ભાવસાર, ઉંમર વર્ષ-૭૩, નરોડા; તા. ૪-૩-૨૦૨૫

મૂ.નિ. પદ્માબેન જગદીશભાઈ થોરિયા, ઉંમર વર્ષ-૬૪, ઇસનપુર; તા. ૮-૩-૨૦૨૫

મૂ.નિ. મણિબેન છગનભાઈ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૮૪, નરોડા; તા. ૮-૩-૨૦૨૫

મૂ.નિ. ભગવતીબેન જયંતિલાલ પટેલ, ઉંમર વર્ષ-૬૪, ઊંઝા; તા. ૧૭-૩-૨૦૨૫

મૂ.નિ. ભીખીબેન જયંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૦, ગોધર; તા. ૨૪-૩-૨૦૨૫

મૂ.નિ. જીવીબેન જેઠાલાલ પટેલ, ઉંમર વર્ષ-૭૮, કરણનગર; તા. ૨૪-૩-૨૦૨૫

મૂ.નિ. સમુબેન દેવજીભાઈ મોરડિયા, ઉંમર વર્ષ-૮૪, સુરત; તા. ૨૯-૩-૨૦૨૫

મૂ.નિ. ધર્મિષ્ઠાબેન હર્ષદભાઈ વ્યાસ, ઉંમર વર્ષ-૭૯, ઇસનપુર; તા. ૫-૪-૨૦૨૫

મૂ.નિ. ઇન્દિરાબેન અંબાલાલ પટેલ, ઉંમર વર્ષ-૮૫, ઇસનપુર; તા. ૧૧-૪-૨૦૨૫

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

## ઘનશ્યામ મહાપ્રભુના દિવ્ય અભિષેકની વિગત



**"કોઈને દેહનું દુઃખ હશે, ભૂત-પ્રેતાદિકનું નડતર હશે, આર્થિક મુશ્કેલીઓ હશે, ગમે તેવી મૂંઝવણો હશે કે સાંસારિક પ્રશ્નો હશે પણ આ મંદિરમાં આવી ભગવાનનાં દર્શન કરશે, એમનો આશરો કરશે, નિર્વ્યસની થઈ કંઠી બાંધશે અને બાધા-માનતા રાખશે તેનાં સર્વે દુઃખ થકી ભગવાન તેની રક્ષા કરશે, કરશે ને કરશે જ...**

- ગુરુદેવ પ.પૂ. બાપજી

**સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪થી ૬ ● દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૪થી ૫**
**ધૂનનો સમય : દર મંગળવાર તથા શુક્રવારે સાંજે ૫થી ૭**

**SMVS તીર્થધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધર**
**લુણાવાડા-સંતરામપુર હાઇવે, તા. સંતરામપુર, જિ. મહીસાગર, ફોન : ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩**

## સ્ટાફ જોઈએ છે

સંસ્થામાં નીચેના વિભાગોમાં નિર્વ્યસની સ્ટાફ જોઈએ છે.

**Civil Engineer**

Education - Diploma/BE Civil Engineer
Experience - Minimum 2 Years, Fresher can Also Apply

**Site Supervisor**

Education - Graduate
Experience - Minimum 3 Years on Any Construction site

**Draft Man**

Education - Diploma Civil Engineer, Draft man Civil
Experience - Minimum 2 years

**Send Your Resume at nirman@in.smvs.org, Sunilbhai Patel (M) - 9825310463**

રાજીપો જીવનની ખરી મૂડી છે.

# ચોપડા જાહેરાત - ૨૦૨૫

Swaminarayan
DIVYAMRUT







Swaminarayan
AMRUT

## ચોપડાની વિશેષતાઓ

**ટાઇટલ** : મલ્ટિ કલર ● **પુસ્તકો** : પ્રીમિયમ બુક / એક્ઝિક્યુટિવ બુક / એક્સરસાઇઝ બુક

**લેમિનેશન** : થર્મલ મેટ ● **ડિઝાઇન** : એક્સક્લુઝિવ કર્વ કોર્નર

**લાઇન** : સિંગલ લાઇન

**પ્રાપ્તિસ્થાન**

**એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.**

# Summer Time Special

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃતમાં પવિત્રતા અર્થાત્ ક્રિયાશુદ્ધિનું ખૂબ જ મહત્ત્વ દર્શાવ્યું છે. પંચવર્તમાન પાળે તેના ઉપર શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો થાય છે. આવો રાજીપો નિરંતર મળે તે માટે 'SMVS ભક્તિ ગૃહઉદ્યોગ' દ્વારા ખાસ કાળજીપૂર્વક ક્રિયાશુદ્ધિયુક્ત અનેક વાનગીઓ બનાવવામાં આવે છે. ચુસ્ત નિયમ-ધર્મ પાળતા હરિભક્તોના પંચવર્તમાન સચવાઈ શકે એવી રીતે બનાવેલ હોવાથી તેમને ખાસ ઉપયોગી થઈ શકશે. સંસ્થાના તમામ મંદિરોના 'ભક્તિ ઉપહાર ગૃહ' ઉપરથી આ આઇટમો ઉપરાંત અન્ય ઘણી આઇટમો પ્રાપ્ત થાય છે તેમજ તેનો ઓર્ડર કોઈ પણ વ્યક્તિ નોંધાવી શકે છે.


































## ભક્તિ ગૃહ ઉદ્યોગ

- બળબળતા તાપથી થઈ ગયા છો તંગ ? આવો, ઠંડક મેળવીએ ભક્તિ ઉદ્યોગને સંગ.
- ઉપવાસમાં ચોપાટી અને શ્રીખંડનો ઉપયોગ કરી શકાશે.
- આપના ઘર, ઓફિસ કે અન્ય કોઈ પણ શુભ પ્રસંગે ભક્તિ નમકીન દ્વારા કેટરર્સનો ઓર્ડર લેવામાં આવે છે.

**ઓર્ડર માટે સંપર્ક કરો**

ઘનશ્યામભાઈ પટેલ : ૯૮૨૫૦૪૪૧૬૦ ● સચિનભાઈ પટેલ : ૯૯૭૯૮૫૫૦૯૯

**આવો આજે જ સંસ્થાના કોઈ પણ સેન્ટરમાંથી ઓર્ડર નોંધાવો...**

**સોફ્ટડ્રિન્ક (તમામ ફ્લેવરમાં ઉપલબ્ધ)**

● ઓરેન્જ ● જીરા ● લેમન ● ગ્રીન એપલ ● પાઇનેપલ ● બ્લ્યૂબેરી ● મેંગો ● કોલા

# હવે હૃદયની

## સારવારમાં નહીં લાગે વાર

ગાંધીનગરની SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલમાં
કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન
હવે ફૂલ ટાઇમ ઉપલબ્ધ છે.



**હૃદયની બાયપાસ સર્જરી અને વાલ્વ સર્જરી માટે નિષ્ણાત ડૉક્ટર ઉપલબ્ધ**



### ડૉ. ભૂપેશ ડી. શાહ

કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન
(35 વર્ષથી વધુના અનુભવી)



### ડૉ. તુષાર શર્મા

કાર્ડિયોવાસ્ક્યુલર અને થોરાસિક સર્જન
(18 વર્ષથી વધુના અનુભવી)

ઓપીડીનો સમય: સવારે **9:00** થી બપોરે **12:00** સુધી, **સોમવાર થી શનિવાર**



**આયુષ્માન / મા કાર્ડ યોજના અંતર્ગત**
**બાયપાસ સર્જરી અને હૃદયના વાલ્વની સર્જરી**
**માટે નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ...**

SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

**વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25**

info@smvshospital.com

Follow us :













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૩) દિવ્ય ઝોનલ સત્સંગ વિચરણ : ઘનશ્યામનગર, નિકોલ, ગોતા (૪) SMVS સ્વામિનારાયણ હોસ્પિટલના છઠ્ઠા વાર્ષિક દિન (૫-૭) ભાવનગર, ઉના, રાજુલા ખાતે પધરામણી (૮) અનાદિમુક્ત પીઠિકા સ્થાને એકાંત ગોષ્ઠિ

Ghanshyam, May-2025 Published on 10-05-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ




(૧-૬) નરોડા, ઇસનપુર, હાલોલ, બામણા તથા વડોદરા ખાતે સત્સંગ વિચરણમાં લાભ (૭) SSPના મુક્તોને આગવો લાભ આપતા વ્હાલા ગુરુજી (૮) ૨૩૮મા શ્રીહરિ પ્રાગટ્યોત્સવે લાભ